Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈનસત્ય પ્રકાશ

વર્ષ ૮ : ક્રમાંક ૮૬ : અંક ૨

તંત્રી

ચીમનલાલ ગોકળદાસ શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ अर्हम् ॥

अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक मुनिसम्मेलन संस्थापित
श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र

श्री जैन सत्य प्रकाश

वर्ष ८	વિક્રમ સં. ૧૯૯૯ : વીરનિ. સં. ૨૪૬૯ : ઇસ્વીસન ૧૯૪૨	क्रमांक
अंक २	કાર્તિક શુદિ ૮ : રવિવાર : નવેમ્બર ૧૫	८६

વિષય – દર્શન

१ श्रीसाधारण जिन स्तवनम्	: पू. आ. म. विजयक्षमाभद्रसूरिजी	: ४१
૨ ભટેવા પાર્શ્વનાથની ઉત્પત્તિનું સ્તવન	: શ્રી. ભોગીલાલ જ. સાંડેસરા	: ૪૨
૩ શ્રીફલવર્દ્ધિ પાર્શ્વનાથજીનો છંદ	: શ્રી. સારાભાઈ મ. નવાબ	: ૪૭
૪ પ્રતિજ્ઞા–પાલન (કથા)	: પૂ. મુ. મ. શ્રી. સુશીલવિજયજી	: ૪૯
५ सागरगच्छीय साधुओंकी उपस्थापना-दिनावली	: पू. पं. म. श्री. कल्याणविजयजी गणि	: ५४
૬ પંચપરમેષ્ઠિનમસ્કારનો પ્રભાવ આજે છે કે નહીં	: પૂ. મુ. મ. શ્રી. ભદ્રંકરવિજયજી	: ૬૧
૭ પ્રવચન–પ્રશ્નમાલા	: પૂ. આ. મ. શ્રી. વિજયપદ્મસૂરિજી	: ૬૫
८ अरिहंत-चैत्य' शब्दका अर्थ	: पू. मु. म. श्री. विक्रमविजयजी	: ६७
૯ જૈનધર્મી વીરોનાં પરાક્રમ	: શ્રી. મોહનલાલ દીપચંદ ચોકસી	: ૭૦
૧૦ આભાર અને વિનંતી	:	: ૭૨ની સામે

સૂચના–આ માસિક અંગ્રેજી મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તેથી સરનામાના ફેરફારના ખબર બારમી તારીખે સમિતિના કાર્યાલયે પહોંચાડવા.

લવાજમ—વાર્ષિક–બે રૂપિયા : છૂટક ચાલુ અંક–ત્રણ આના

મુદ્રક : નરોત્તમ હ. પંડયા; પ્રકાશક : ચીમનલાલ ગોકળદાસ શાહ; પ્રકાશનસ્થાન
શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ કાર્યાલય જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ, અમદાવાદ,
મુદ્રણસ્થાન : સુભાષ પ્રિન્ટરી, મીરજાપુર રોડ, અમદાવાદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ वीराय नित्यं नमः ॥

श्रीजैन सत्य प्रकाश

વર્ષ ૮ ક્રમાંક ૮૬ અંક ૨

(संभवतः श्रीमुनिसुन्दरसूरिविरचितम्)

साधारणजिन-स्तवम्

संग्राहक—
पूज्य आचार्य महाराज श्री विजयक्षमाभद्रसूरिजी

जय श्रीजिन! कल्याणवल्लीपल्लवनाम्बुद!।
मुनीन्द्रहृदयाम्भोजविलासवरषट्पदः ॥ १ ॥
तव नाथ! पदद्वन्द्वसपर्यारसिका जनाः।
सर्वसम्पत्सुखश्रीभिर्विलसन्ति सदोदयाः ॥ २ ॥
नृलोके चक्रिताद्यायाः सुरलोके चेन्द्रतादयः।
शिवेऽनन्तसुखाद्यास्ताः तव भक्तिवशाः श्रियः ॥ ३ ॥
सर्वश्रियः श्रियां मूलं दधद्धर्मं समग्रवित्।
योगक्षमंको नाथ! त्वमेव जगतामसि ॥ ४ ॥
त्वमेव शरणं बन्धुः त्वमेव मम देवता।
तन्मां पाहि भवात् तात! कुरु श्रेयः सुखास्पदम् ॥५॥

स्तुतिमिति तनुते जिनेन्द्र! यस्ते
मघवमहामुनिसुन्दरस्तुतांहेः।
स भवतु(ति) गुणसम्पदा समस्ते
फलमिति तद्वितराचिरान्मम ॥६॥

इति श्रीसाधारणजिनस्तवनं सम्पूर्णतां प्राप। श्रीः श्रीः श्रीः।

(એક પ્રાચીન હસ્તલિખિત પાનામાંથી ઉદ્ધૃત)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મુનિ ભાવરત્નકૃત

ભટેવા પાર્શ્વનાથની ઉત્પત્તિનું સ્તવન

સંપાદક—**શ્રી ભોગીલાલ જ. સાંડેસરા**, બી. એ. ઑનર્સ

વિક્રમના અરાઢમાં શતકના ઉત્તરાર્ધમાં થઇ ગયેલા જૈન કવિ ભાવરત્ને સં. ૧૭૭૦ માં રચેલું ચાણસ્માના ભટેવા પાર્શ્વનાથની ઉત્પત્તિ વિષેનું સ્તવન જૈન ઇતિહાસની દૃષ્ટિએ ઉપયોગી જણાયાથી સંપાદિત કરીને અહીં આપ્યું છે. અલબત, તેમાં આપેલી કેટલીક વિગતો અન્ય ઐતિહાસિક સાધનો સાથે મુકાબલો કરતાં એમ ને એમ સ્વીકારવા જેવી લાગતી નથી, તો પણ બીજે ક્યાંયથી મળતી નથી એવી કેટલીક વસ્તુઓ પણ એમાંથી મળે છે, એ રીતે મને પ્રસ્તુત કાવ્ય નોંધપાત્ર લાગ્યું છે.

પહેલાં એક પંક્તિ દેશીની અને પછી એક કડી હરિગીતની એ પ્રમાણે ૧૧ દેશીની પંક્તિઓ અને ૧૧ હરિગીતની કડીઓમાં આ કાવ્ય લખાયું છે. એમાં વર્ણવેલી વિગતોનું તુલનાત્મક દૃષ્ટિએ અવલોકન કરતાં પહેલાં એનો ટૂંક સાર જોઈ લઈએ. કવિ કહે છે—

"શ્રુતધરો કહે છે કે ઇડર પાસેના ભાટુઅર ગામમાં સુરચંદ નામે એક ગરીબ વાણિયો રહેતો હતો. તેના ઘરમાં કોઈ પુણ્યના યોગે પાર્શ્વનાથની પ્રતિમા પ્રગટ થતાં લક્ષ્મીની રેલમછેલ થઈ રહી. કેટલાક વખત પછી ઇડરના રાજાએ આ વાત જાણતાં શેઠ પાસે આ પ્રતિમાની માગણી કરી અને ન આપવામાં [illegible] બળજબરીથી લેવાની ધમકી આપી. આથી શેઠે એ પ્રતિમા ગામને ગોંદરે એક [illegible]તરમાં છાનીમાને દાટી દીધી. પ્રતિમા નહીં મળતાં રાજાએ શેઠનું ઘર લુંટી લીધું. [illegible] બાજુ **પાટણ પાસે આવેલા ચંદ્રાવતી[1] ગામમાં** રવિચંદ નામે એક ગરીબ પણ પુણ્યબુદ્ધિ વણિક રહેતો અને મીઠું મરચું હીંગ વેચીને પેટ ભરતો હતો. એને એકવાર યક્ષે સ્વપ્નામાં આવી ભાટુઅર ગામના ગોંદરે આવેલા ખેતરમાંથી પાર્શ્વનાથની પ્રતિમા લઇ આવવાનું કહ્યું. સવારે ઊઠીને વહેલ જોડીને શેઠ એ મૂર્તિ લઈ આવ્યો. એક દિવસ સ્વપ્નામાં ફરી યક્ષે કહ્યું કે પાર્શ્વનાથનું મંદિર બંધાવ. અને શેઠને કેટલુંક છૂપું ધન બતાવ્યું. આ ધનમાંથી રવિચંદ શેઠે મંદિર બંધાવ્યું અને સં. ૧૫૩૫ ની અખાત્રીજે પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરાવી."

આ વૃત્તાંતમાં આપેલા ચમત્કાર ઇત્યાદિ વિષે મૌન ધારણ કરીએ તો પણ કેટલીક વિગતોના ઐતિહાસિક મૂલ્યનો સ્વીકાર કરવો પડશે. કાવ્યની છેલ્લી કડીમાં કર્તા પોતે જ કહે છે કે:

"જીરણ તવનો સંબંધ લેઈ સંક્ષેપઈ મઇં ઉધર્યો"

અર્થાત્ પ્રાચીન સ્તવન ઉપરથી તેણે આ વૃત્તાંત સંક્ષેપમાં આપ્યો છે.

ચાણસ્મામાં હાલ ભટેવા પાર્શ્વનાથનું મન્દિર છે તેનો જીર્ણોદ્ધાર સં. ૧૮૭૨માં કરવામાં આવ્યો હતો. એટલે એ પહેલાં જૂનું મન્દિર હતું એમ માનવાને સંપૂર્ણ કારણ છે. લગભગ પંદર–સોળ વર્ષ ઉપર પાયા ખોદતાં તેમાંથી પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ નીકળી હતી અને

---

૧. હાલ ભટેવા પાર્શ્વનાથ ચાણસ્મામાં છે તે તેમજ અન્ય સાધનમાંની હકીકત ધ્યાનમાં લેતાં 'ચંદ્રાવતી' વડે કર્તાને 'ચાણસ્મા' જ ઉદ્દિષ્ટ છે, એમાં શંકા નથી. આબુ પાસેનું ચંદ્રાવતી પાટણથી ઘણું દૂર છે તેમજ અહીં કર્તાને ભાગ્યે જ ઉદ્દિષ્ટ હોઈ શકે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તે માટે નવું નાનું મન્દિર બનીને સ્થાપના કરવામાં આવી છે. અત્યારે અહાર ગામથી ઘણા જૈનો ચાણસ્માના 'ભટેવા'નાં દર્શન કરવા માટે આવે છે. 'ભટેવા પાર્શ્વનાથ' એનું નામ પાડવાનો ખુલાસો મુનિ ભાવરત્નના કાવ્યમાંથી મળી રહે છે, કેમકે ઈડર પાસેના ભાદુઅર ગામમાંથી એ મૂર્તિ જડી હતી.

પરંતુ ચાણસ્મામાં ભટેવા પાર્શ્વનાથની પ્રતિષ્ઠાનું વર્ષ ભાવરત્ને સં. ૧૫૩૫ આપ્યું છે તેમાં શંકા કરવાનું કારણ મળે છે; મુનિ શ્રી જ્યંતવિજયજીએ 'જૈનાચાર્ય શ્રી આત્માનંદ શતાબ્દી સ્મારક ગ્રંથ'માં વીશા શ્રીમાળી જ્ઞાતિના એક પ્રાચીન કુલની વંશાવળી છપાવી છે. એ વંશાવળી વહીવંચાના ચોપડા ઉપરથી લખાયેલી હોય એમ જણાય છે, અને તેથી ઐતિહાસિક દૃષ્ટિએ વધુ વિશ્વાસપાત્ર છે. એમાં સિનમાલનિવાસી વીશા શ્રીમાળી જ્ઞાતિના શેઠ તોડાના વંશની લગભગ ૫૦ પેઢીઓનો અને ૩૩ બેટા શાખાઓનો વૃતાંત આપેલો છે; અને તે સં. ૭૯૫થી શરૂ થઈ લગભગ સં. ૧૬૦૦ સુધીની એટલે આઠસો વર્ષની છે. એમાં એક સ્થળે લખ્યું છે (શતાબ્દી ગ્રન્થ પૃ. ૨૦૭)–

पूर्वि वर्द्धमान भाई जयता उचली चाहणसामिं वास्तव्यः सासरामांही तव श्रीभट्टेवा श्री-पार्श्वनाथचैत्यं कारापितं सं. १३३५ वर्षे श्रीअंचलगच्छे श्रीअजितसिंहसूरीणामुपदेशने प्रतिष्ठितम्

અર્થાત્ વર્ધમાનના ભાઈ જયતાએ (નરેલી ગામમાંથી) ઉઘાડો ભરીને પોતાના સાસરાના ગામ ચાણસ્મામાં વાસ કર્યો, ત્યાં તેણે શ્રી ભટેવા પાર્શ્વનાથનું મન્દિર બંધાવ્યું અને અંચલગચ્છીય અજિતસિંહસૂરિના ઉપદેશથી સં. ૧૩૩૫માં તેની પ્રતિષ્ઠા કરાવી.

મને પોતાને આ વંશાવળીમાં આપેલી સાલ વધારે વિશ્વાસપાત્ર લાગે છે, કારણ કે એનો આધાર વહીવંચાની નોંધ છે. વળી અંચલગચ્છીય અજિતસિંહસૂરિના આચાર્યપદનું વર્ષ સં. ૧૩૧૪ અને સ્વર્ગવાસનું વર્ષ સં. ૧૩૫૯ છે, એટલે પણ વંશાવળીમાં આપેલી સાલ સાથે તે સુસંગત છે. વળી વંશાવળીમાંની નોંધમાંથી 'ભટેવા' એ નામ વિષે કંઈ ખુલાસો મળતો નથી, અને ભટેવા પાર્શ્વનાથનું ચૈત્ય કરાવ્યું, એમ મોઘમ લખ્યું છે, તે ઉપરથી હું અનુમાન કરું છું કે સં. ૧૩૩૫માં ભટેવા પાર્શ્વનાથના મૂળ ચૈત્યનો જીર્ણોદ્ધાર થયો હશે, જ્યારે ઈડર પાસેના ભાદુઅર ગામમાંથી પાર્શ્વનાથની–'ભટેવા'ની–મૂર્તિ વધારે પ્રાચીન કાળમાં ચાણસ્મા લાવવામાં આવી હશે. ભાવરત્નનું કાવ્ય એ પ્રાચીનતર પ્રસંગનો ઉલ્લેખ કરતું જોઈએ. અલબત્ત, એથી એમાં આપેલાં નામો ઐતિહાસિક છે, એમ માનવાનું સાહસ હું નથી કરું. ભાવરત્ને સં. ૧૫૩૫નું વર્ષ આપ્યું છે, તે સં. ૧૩૩૫ પછીના કોઈ જીર્ણોદ્ધારનું હોય અને વધારે વિશ્વસનીય ઐતિહાસિક વિગતોના અભાવે તેમણે એ વર્ષને આ રીતે પોતાની કૃતિમાં ગોઠવી દીધું હોય. અથવા એમ જો ન માનીએ તો 'જીરણ તવ' (પ્રાચીન સ્તવન)ના સં. ૧૩૩૫ને સ્થાને કાં તો 'જીરણ તવ'ની નકલ કરનાર લહિયાની કે કવિની ભૂલથી સં. ૧૫૩૫ થઈ ગયું હશે, એમ અનુમાન કરવું જોઈએ.

ગમે તેમ, પણ એક પ્રાચીન તીર્થસ્થાન વિષે આ સ્તવનમાંથી ભલે થોડીક પણ ઉપયોગી માહિતી મળે છે. ભટેવા પાર્શ્વનાથ વિષે કવિ એક જુદું જ સ્તવન લખવા પ્રેરાય છે, તે પણ એ તીર્થનું માહાત્મ્ય સૂચવે છે. જૈન ઇતિહાસ ઉપરાંત ચાણસ્માના સ્થાનિક ઇતિહાસ માટે પણ આ વસ્તુ જાણવા જેવી ગણાય.

હવે કવિ વિષે–સ્તવનના અંત ભાગમાં કરેલા ઉલ્લેખ ઉપરથી જણાય છે કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાવરત્ન પૂર્ણિમા ગચ્છના મહિમપ્રભસૂરિના શિષ્ય હતા. તેમણે સં. ૧૭૬૯માં ચાણસ્મા પાસેના રૂપપુર ગામમ 'હરિયાળ માછીનો રાસ,' સં. ૧૭૯૭માં પાટણમાં 'સુભદ્રાસતીરાસ', સં. ૧૭૯૯ માં પાટણમાં 'બુદ્ધિવિમલાસતીરાસ,' સં. ૧૭૫૬માં 'ઝાંઝરિયા મુનિની સજ્ઝાય' તથા સં. ૧૮૦૦ માં 'અંબડરાસ' રચ્યા છે. આ ઉપરાંત 'નવવાડ સજ્ઝાય', 'અધ્યાત્મથુઇ' તથા 'આષાઢભૂતિસ્તવન' એ તેમની નાની કૃતિઓ છે.[2]

આ જ ભાવરત્ન પછીથી ભાવપ્રભસૂરિ થયા. તેમણે યશોવિજયજીકૃત 'પ્રતિમાશતક' ઉપર સંસ્કૃત ટીકા સં. ૧૭૯૩ના માઘ સુદ અષ્ટમીને ગુરુવારે પૂર્ણ કરી છે. તેમાંની પ્રશસ્તિ પણ 'હરિયાળરાસ'માં આપી તે જ પ્રમાણે લગભગ છે. વિશેષમાં શ્રીમાળી વીરવંશે રામકુક્ષિથી થયેલ જયતસીના પુત્ર તેજસી શ્રેષ્ઠિએ ઘણું દ્રવ્ય ખર્ચી સૂરિપદ જેને અપાવ્યું છે એવા ભાવપ્રભસૂરિએ આ વૃત્તિ પૂર્ણ કરી, એમ જણાવ્યું છે.[3]

વળી આ ભાવરત્ન અથવા ભાવપ્રભસૂરિએ કાલિદાસકૃત 'જ્યોતિર્વિદાભરણ' ઉપર 'સુખબોધિકા' નામની સંસ્કૃત ટીકા પાટણમાં ઢંઢેરવાડામાં પૂર્ણિમા ગચ્છના ઉપાશ્રયમાં રહીને લખી છે. એમના પિતાનું નામ માંડણ અને માતાનું નામ બાઇલા (?) હતું, એમ એ ટીકાની પ્રશસ્તિ ઉપરથી જણાય છે. ભાવરત્ન સંસ્કૃત ભાષાના પણ સારા વિદ્વાન હતા, એમ આ ઉપરથી પુરવાર થાય છે.

પાટણમાં ઢંઢેરવાડામાં આજે પણ પૂર્ણિમા ગચ્છના શ્રીપૂજ્યની બેઠક છે.

ભાવરત્નકૃત ભટેવા પાર્શ્વનાથની ઉત્પત્તિ વિષેના આ ઉપયોગી ઐતિહાસિક કાવ્યની એક પાનાની હસ્તલિખિત પ્રત મને અગીઆરેક વર્ષ પર પાટણમાં સદ્ગત પૂ. પ્રવર્તક શ્રી કાન્તિવિજયજી મહારાજ પાસેથી મળી હતી. તે ઉપરથી તા. ૧૧-૬-૧૯૩૧ને રોજ મેં કરેલી નકલ ઉપરથી આ સંપાદન કર્યું છે. પ્રતની પુષ્પિકામાં જણાવ્યું છે તે પ્રમાણે **મુનિ ભાવરત્નના પોતાના હસ્તાક્ષરમાં જ આ કાવ્ય લખાયું હોઇ** તેની વાચના, પુષ્પિકાનો જ શબ્દ વાપરીને કહીએ તો શ્રેયસ્તર છે—અર્થાત્ સંપૂર્ણ અંશે વિશ્વસનીય છે. કાવ્ય સં. ૧૭૭૦ કાર્તિક સુદ ૬ને બુધવારના દિવસે પાટણમાં રચાયું છે, એટલે પ્રત પણ એ જ દિવસે લખાઇ હોવી જોઇએ, એમ માનવામાં વાંધો નથી.

મૂળ કાવ્ય

॥ ई० ॥ श्रीगुरुभ्यो नमः ॥ ऐँ नमः ॥

(સુણિ સુણિ કંતા રે સીખ સોહામણી એ દેશી)

ઇંદ્રધનુષ આકારઇં અક્ષરઇં, મધ્ય લલાટ પ્રભા છઇં વિસ્તરઇં

(ત્રૂટક)

સુવિસ્તરઇં તસ તેજ મહિમા હૃદય કમલ માહઇ ધરી,
ગાયસ્યું જિન **પાસ ભટેવઉ,** જસુ કીરતિ જગિ સંચરી;
કહા કાલિ એહ મૂરતિ હઇ આદિ ન જાંણીઇ,
ઘણે દેવે પૂજી પ્રતિમા, તિણઇં જીર્ણ વખાણીઇં. ૧

૨. જૈન ગુર્જર કવિઓ, ભાગ ૨ પૃ ૫૦૩-૯

૩. જૈન ગુર્જર કવિઓ, ભાગ ૨ પૃ. ૫૦૯-૧૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(દેશી)

ઈમ ગીતારથ વાણીપરંપરા, સુણુઈ ભાખઇ જે વૃદ્ધ શ્રુતધરા

(ત્રૂટક)

શ્રુતધરા ભાખઇ દેશ ઈડર ભાટુઅર એક ગામ છઈ,
તિહા વસઈ સુરચંદ સેઠ્ઠ જાણેા, દાલિદ્રનું તે ઠામ છઇ;
તસુ કેાઈક કાલઇ, પુણ્ય યેાગઇં, પ્રતિમા ઘરિં પરગટ થઇ,
ઘણી લાછિલીલા સેઠ પામ્યેા, દલિદ્ર દશા દૂરિં ગઈ. ૨

(દેશી)

ઘણા દિવસ પ્રતિમા તસુ ઘરિ રહી, રાય ઈડરિયે તે પ્રવૃત્તિ લહી.

(ત્રૂટક)

લહી પ્રવૃત્તિ પાસ કેરી, સેઠનઈ ચરમુખ કહઇ,
'મુઝ આપિ પ્રતિમા પાસ કેરી, જે ઘરિ તુઝ પરતેા વહઈ;'
સેઠ કહઈ, 'એ કિંમ આપું ? જીવ સમાણી જે અછઇ.'
તવ ભૂપ ભાખઈ, 'બલઈ લેસ્યું.' સુણી સેઠ ડર્યો પછઇ. ૩

(દેશી)

ધસમસ સેઠિ રે પ્રતિમા ભય ઘણુઈ, ક્ષેત્રઈ ભંડારી રે રામ પટિલ તણુઇ.

(ત્રૂટક)

સુહડ લેઇ તવ ભૂપ આવ્યેા, નિરખઇ, પ્રતિમા નવિ જડી,
ક્રોધઇં કરી તસુ ગેહ લૂટયું, બહુ મતા હાથઇં ચઢી;
તે ક્ષેત્ર માંહઈ ધાન્ય બહુ લઇ કૌટંબિક સુખી થયેા,
જુઓ પાસ વસિયા પુણ્ય બહુ લઈ, ઘર તણેા ખૂડેા ગયેા. ૪

(દેશી)

પાટણ નયરનઈ પાસઇં ચંદ્રાવતી, રવિચંદ વ્યવહારી તિહાં શુભમતી.

(ત્રૂટક)

શુભમતિ પણિ નિઃસ્વ જાણેા, ધન પાખઈ મેાટિમ કસી ?
હિંગ તેલ મીઠું મરિચ વેચઇ, પેટ ભરઈ ઇમ કસમસી;
જક્ષરાજ તુઠેા સુપન આવી, કહઇ, સુણિ રવિચંદ એ,
તુઝ ભાગ્ય ફલીઉં, દુખ ટલીઉં, કારજ કરિ અવિલંબ એ. ૫

(દેશી)

ભાટૂઅર ગામનઇં ગાંદરઈ જાંણીઇ, રામ પટિલનું ક્ષેત્ર વખાણીઇ.

(ત્રૂટક)

તે માહઇ છઇ પાસ મૂરતિ, તિહાં તું વહિલેા આવજે;
નયણે દેખાડું તુઝનઇં હું, પૂજી પ્રણમી ભાવજે.'
પરભાતિ જાગ્યેા સેઠ, સુપનું સાચું જાણી સંચર્યો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એક વહિલ લેઇ, કોઇ ન જાણઇ, તિણિ થાનકિ જઇ ઊતર્યો. ૬

(દેશી)

તરુતલઇ પ્રતિમા રે દીઠી સોહામણી, પૂજી પ્રણમી રે ભગતિ કરી ઘણી.

(ત્રૂટક)

વહિલ માહિ પાસ મૂરતિ લેઇ નગર નિજ આવીઓ,
'ઘણુ સુખદાંઇ હસ્યઇ તુઝનઇ,' જક્ષઇ ઇમ સમઝાવિઓ.
સંપત્તિ સારુ સેવ કરતો; એક દિન જક્ષ સુપનાંતરિ,
'પ્રાસાદ પાસ જિણુંદ કેરો કરાવીઇ ઊલટ ભરઇ.' ૭

(દેશી)

સેઠ પયંપઇ રે, 'કિમ હુઇ ધન વિના ?' તવ જક્ષ ભાખઇ રે, 'સુણુ તું એકમના.

(ત્રૂટક)

મુઝ કેડિ આવો, ધન દેખાડું.' વેડઇ. ધન નિરખાવિઉં;
મન આશ પૂગી, સેઠ હરખ્યો, પાસ ભુવન મંડાવિઉં.
ભલો રંગમંડપ, ઉત્તંગ તોરણ, પદ્માસણ સુપરિ જડ્યાં,
નાટિક કરંતી પૂતલી બહુ ચંદ્રવદન અનોપમ ઘડ્યાં. ૮

(દેશી)

દંડ ધજા લહિકંતી ઉપરિ, કલસ ચડાયો મુહુરતઇ શુભપરિ.

(ત્રૂટક)

શુભ પરિ શ્રીપાસ થાપ્યા ચૈત્યઇ ઉચ્છવ અતિ ઘણઇ,
પન્નર પાંત્રીસઇ આખાત્રીજઇ, રમ્ય વાજિત્ર રણઝણઇ;
પુહવીમાં સુપ્રતાપ પ્રસર્યો, સંઘ આવહી ઊલટી,
કરઇ પાત્ર જુગતિં, ભાવ ભગતિં મોટા દુખ જાઇ મટી. ૯

(દેશી)

વ્યવહારીનાં રે પાંચ સઇ ગાડલાં, ભારઇ ભરીયાં ચલાવઇ ઉતાવલાં.

(ત્રૂટક)

ચૈત્ય આગલિ નીસર્યા, પ્રભુ પાસનઇ ભેટયાં નહી;
જક્ષરાજ કોપ્યો, શકટ થંભ્યાં, સુરવર કહઇ સુણિયો સહી,
'યાત્ર કર્યા વિણ કીમ જાઓ ? આશાતના જિનની કરી;'
તવ ભેટ લેઇ પુરુષ આવ્યા, પાસ જિણુંદ આગલિ ધરી. ૧૦

(દેશી)

પાસ ભટેવઉ નામ તિણિ થયું, ગુણ ગાતાં મુઝ દુખડું સવિ ગયું.

(ત્રૂટક)

ગયું દુખ સવિ જગત્રય કેરું, મહિમા મહીઅલ વિસ્તર્યો,
જીરણ તવનો સંબંધ લેઇ સંક્ષેપઇ મઇ ઊધર્યો;

For Private And Personal Use Only

અશ્વસેન નરપતિ, માતવામા ખોલઈ લાડ જિણુઈ લડયાં,
તેહ નંદન સ્તવીયો, સુખ ઠવીયો, શત્રુ શિર સંકટ પડયાં. ૧૧

(દેશી)

સવંતસતર સીતેરુ ભલો, કાર્તિકમાસનો શુકલ પક્ષ ઉજલો.

(ત્રૂટક)

કર્મવાટી **છઠ્ઠિ બુધ દિન,** પ્રધાન શાખા સોહએ.
પુનિમ ગચ્છ સિરિ મહિમપ્રભસૂરિ કીર્તિકાંતિ સોહએ,
તસુ ચરણસેવક **ભાવરતનઈં** પાસ પ્રેમઈ ગાઇઓ,
પત્તનપુરમાંહિ ઘણુઈ ઉચ્છાહિં, ઋદ્ધિ સમૃદ્ધિ સુખ પાઈઓ. ૧૨

इति श्रीभटेवापार्श्वनाथस्योत्पत्ति स्तवनं सम्पूर्णम् ॥ श्रीरस्तु कल्याणमस्तु । मुनि भावरत्नेन लिपिकृतं श्रेयस्तरम् ॥

નાનું વાઘજીપરૂં, કડવાપોળ, અમદાવાદ. તા. ૧૪-૧૦-૪૨

શ્રી ફલવર્ધિપાર્શ્વનાથજીનો છંદ

સંગ્રાહક:-**શ્રીયુત સારાભાઈ મણિલાલ નવાબ,** અમદાવાદ.

॥ દોહા ॥

પ્રભાપૂરણ પ્રણમીયે, અરિગંજણ અરિહંત;
સાચો સાહિબ તું સહી, ભયભંજણ ભગવંત. ૧.
વામાનંદન વંદીએ, દોલતિ(ત)નો દાતાર;
કીડીથી કુંજર કરે, સેવકને સાધાર. ૨.
શ્રી ફલવર્ધિ મોટો ધણી, એકલમલ્લ અબીહ;
ભવ ભય ભાવદિ(ઠ)ભંજવા, તું સાફલો સિંહ. ૩.
પાયકમલ તુજ પ્રણમતાં, અધિક વધે આણંદ;
દાદો મોટો દેવતા, વંદે સુરનરવૃંદ. ૪.

॥ મોતીદામ છંદ ॥

કેતે તુજ વંદે નરના વૃંદ, કેતે તુજ સેવા સારે ઈંદ;
કેતે તું અધિક દીયે આણંદ, કેતે તું દૂરિ(ર) ગમાવે દંદ. ૫.
કેતે તું દીએ અપૂતાં પૂત, કેતે તું સાધે સઘલા સૂત;
કેતે તું આણે મહીયલ મેહ, કેતે તું નવલા ધારે નેહ. ૬.
કેતે તું દૂરિ હરે દાલિદ્દ, કેતે તું સોહે સારદ ચંદ;
કેતે તું પરતો પૂરણહાર, કેતે તું અડવડિયાં આધાર. ૭.
કેતે તું ભાજે ભાવઠભૂખ, કેતે તું દાટઇ સગ(ઘ)લા દૂખ. ૮.
કેતે તુજ નમતાં નવનીધ હોય, કેતે તુજ આસ(શ)કરે સહૂ કોય;
કેતે તું કુસ(શ)લ કરે કલ્યાંણ, કેતે તું દોલત દીએ દીવાંણ. ૯.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કેતે તું મેર સમો ભૂમિ મન્ન, કેતે તુજ લોક કહે ધન્ન ધન્ન;
કેતે તું બાલદ્દ જેમ બરન, કેતે તું આપેં પરિઘલ અન્ન. ૧૦.
કેતે તું રાંકાને કરે રાઉ(વ), કેતે તું સેવ્યા દે સીરપાઉ(વ);
કેતે તું જોડિ(ડ) ભોગિ(ગ) સંજોગ, કેતે તું સર્વ ગમાડે સોગ. ૧૧.
કેતે તું પીસુન કરે પેંમાલ, કેતે તું સમર્યો કરે સગાલ;
કેતે તું ચિંતા કરે ચકચૂર, કેતે તું વિઘ્ન વિડા(દા)રે દૂર. ૧૨.
કેતે તું આપે અવી(વિ)રલ વાંણુ, કેતે તુજ ઇચ્છા એહી અહિનાંણુ;
કેતે તું સવલેહી સિરદાર, કેતે તુજ કોઈ ન લોપે કાર. ૧૩.
કેતે તું સોહે મોટો સાધ, કેતે તું આગમ ગુણે અગાધ;
કેતે તું સંસ(શ)ય ભાજે સર્વ, કેતે તું ગાલે દુશ્મન ગર્વ. ૧૪.
અનંતિ અનંતિ અનંતિ અનંતિ, ભલેં ભેટયો શ્રીભગવંત;
સુણ દાયક સાચો તોરો સાથ, જ્યો પરમેસર પારસનાથ. ૧૫.
અલખ અલખ અલખ અલખ, સદા તું સેવકને પરતખ્ય(ક્ષ);
અધિક અધિક દીયેં આણંદ, જ્યો ફલવર્ધિપાસ જિણંદ. ૧૬.
અપાર અપાર અપાર અપાર, અનાથ નરાંને તું આધાર;
અગમ્ય અગમ્ય અગમ્ય અગમ્ય, ધરૂં એક સાચો તોરો ધર્મ્મ. ૧૭.
ચિહૂં દિસિ અટવીમાંહિ અબીહ, જિહાં વિચરે સબલા સિંહ;
તિહાં તું સેવકને નિસ્તારિ(રે); કૃપા કરી મેહલેં પેલે પાર. ૧૮.
જીહાં જીહાં સમરે સેવક જેહ, તી(તિ)હાં તું ઇચ્છા પૂરેં એહ;
વદુ એમ અતુલિ કેતા તુજ ગિરુદ્ધ, મોટો તું પારસનાથ મરદ. ૧૯.
અલા(લ્લા) તું એકલમલ(લ્લ) અબીહ, ન લોપેં કોઈ તોરી લીહ;
મયા હવે મોસું કરો મહારાજ, પરતખ્ય(ક્ષ) ઇચ્છા પૂરો આજ. ૨૦.

॥ કલશ ॥

ઇચ્છા પૂરો આજ, સુપરેં સેવકનેં સંધારો;
જિનવર પાસ જિણંદ, સદા હું સેવક ધારો. ૨૧.
કલ્પવૃક્ષથી અધિક, કૃપા મો ઉપર કીજે;
શ્રી અશ્વસેન સુતન, ધણી તુજ દોલત દીજે. ૨૨
શ્રી ખરતરગચ્છ સુપસાઉલેં, સાર એ(હ?) મજ્જસ ઉચરેં;
ફલવૃધિ રાય મોટો ધણી, સેવકનેં સાંનિધ કરેં. ૨૩.

"ઇતિ ફલવર્ધિ પાર્શ્વનાથ છંદ"

પ્રસ્તુત છંદ એક પ્રાચીન હસ્તલિખિત ગુટકામાંથી મળી આવેલ છે. તે ઉપયોગી સમજીને અહીં આપ્યો છે. આ છંદના કળશની છેલ્લી કડીના બીજા ચરણમાં 'એમજ્જસ' શબ્દ આપ્યો છે તેને 'હેમજ્જસ' એમ ઉકેલીએ તો આ છંદના રચયિતા ખરતર ગચ્છીય મુનિ હેમજ્જસ ગણી શકાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રતિજ્ઞા-પાલન

લેખકઃ—પૂજ્ય મુનિરાજ શ્રી સુશીલવિજયજી

પૃથ્વીના ભૂષણરૂપ, વિરાટ દેશને વિષે દેવલોકની સ્પર્ધા કરતું અને પ્રાણીમાત્રને આનંદ પમાડતું એવું પેઢાલપુર નામનું નગર હતું. ત્યાં પરમપ્રતાપી મહાપરાક્રમી શ્રી શ્રીચૂળ નામનો રાજા રાજ્ય કરતો હતો. રાજા સદાચારી હોવાથી પ્રજા પણ સદાચારી હતી. રાજાનો પ્રજા પર એટલો બધો દાબ હતો કે આખા રાજ્યમાં કોઇ પણ પ્રાણી જુગાર, ચોરી, પરસ્ત્રીગમન ઇત્યાદિ કોઈ પણ દુર્વ્યસનનું સેવન ન કરી શકે. રાજાને એ બાબતનો એટલો બધો અણગમો હતો કે તેને ખબર પડતાંની સાથે જ એ મનુષ્યને સખ્ત શિક્ષા કરતો અને વખત આવે તેને દેશનિકાલ પણ કરી દેતો. પોતાના કુટુંબ પરિવારની પણ પરવા કરે તેવો ન હતો. ખુદ રાજરાણીઓ પણ તેનાથી થરથર ધ્રુજતી, અને ખુબ જ મર્યાદામાં રહેતી. આની ગુપ્ત તપાસ કરવા ગુપ્તચરો રાજાની આજ્ઞાથી નગરમાં ચારેતરફ ધ્યાન રાખતા હતા.

આ રાજાને પુષ્પચૂળ નામે પુત્ર અને પુષ્પચૂળા નામે પુત્રી હતી. યૌવન-અવસ્થાને પ્રાપ્ત થતાં રાજકુમારનાં યોગ્ય રાજકન્યા સાથે લગ્ન થયાં. અમુક સમય વીત્યા બાદ રાજકુમાર વંકચૂળ કર્મસંયોગે એવી બરાબ સોબતે ચડી ગયો કે એવો એક પણ દિવસ બાકી ન જાય કે વંકચૂળ બાનગીમાં જુગાર ન રમ્યો હોય. આ બાબતની ગુપ્તચરોને પણ ખબર પડી, પણ રાજકુમાર એટલે કરે શું? રાજાને આ બાબતથી વાકેફ કરવાની પણ કોઇની હિમ્મત ચાલતી નહિ, રખેને નોકરીમાંથી બરતરફ થવું પડે! ધીરે ધીરે આ વાત નગરમાં પણ પ્રસરવા માંડી. નગરવાસીઓએ આ પ્રમાણે રાજકુમારની વાંકી ચાલને લીધે તેને પુષ્પચૂળને બદલે વંકચૂળ નામથી સંબોધવા લાગ્યા.

પણ એક વખત રાજકુમાર રાજાના ઝપાટામાં આવી ગયો. રાજકુમારની અયોગ્ય વર્ત્તણુંક દેખીને રાજાને ઘણું દુઃખ થયું. રાજાએ પોતાના પુત્રની પરવા કર્યા વિના કે પુત્રના મોહમાં ફસાયા વિના, એકદમ નગર છોડીને ચાલ્યા જવાનો તેને હુકમ કરી દીધો. જ્ઞાનીઓ ફરમાવે છે કે—વૈરી, વડવાનલ, વ્યાધિ, વાદ, અને વ્યસન આ પાંચે વકરે જો વૃદ્ધિ પામે તો મહા અનર્થકર્તા થાય છે. વળી દ્યુત (જુગાર) વ્યસન એ તો સર્વ આપત્તિનું ધામ છે, એટલું જ નહીં પણ તેના પ્રભાવથી સુબુદ્ધિ પણ દુર્બુદ્ધિ થઇ જાય છે અને કુલને કલંક લગાડે છે. એ વ્યસન બદારે વ્યસનને ખેંચી લાવે છે. આ દ્યુત-થી જ નળ જેવા રાજવીને રાજ્ય છોડવું પડયું, રાણીનો વિયોગ થયો, અને સર્વ ઋદ્ધિ-સિદ્ધિ ચાલી ગઇ. દ્યુતથી મહાબલિષ્ઠ પાચ પાંડવોને પણ સ્વદેશ છોડવો પડયો, જંગલમાં ભટકવું પડયું, અને મહાદુઃખો સહન કરવાં પડયાં. વંકચૂળની પણ દ્યુતથી એ જ ગતિ થઇ.

વંકચૂળ પણ સ્વસ્ત્રી અને સ્વભગિની પુષ્પચૂળાને સાથે લઈ દેશાન્તર રવાના થઇ ગયો. અને ચાલતો ચાલતો ભીલડીઓના નૃત્યથી અલંકૃત એવી એક પલ્લિને વિષે પહોંચ્યો. કર્મસંયોગે પલ્લિપતિ મૃત્યુ પામેલો હોવાથી પલ્લીવાળાઓએ તેનો સત્કાર કરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેને પલ્લિપતિ તરીકે ત્યાં રાખ્યો. એક તો સ્વયં અરાજ હતો જ એમાં ચોરી કરવામાં મશહૂર એવા પલ્લિવાળાઓની સોબત થઈ એટલે તો 'કડવા તુંબડાનું શાક અને ઉપરથી સોમલનો વઘાર' જેવું થયું. એમાંય પાછો સહુનો ઉપરી બન્યો એટલે તો પૂછવું જ શું ? અઢારે લક્ષણે પૂરો. બસ હવે તો ગામેગામ અને દેશેદેશ ચોરીઓ કરવી, લુંટફાંટો કરવી, સ્ત્રીઓની ઈજ્જતો લુંટવી, જુગટાં રમવાં, એ જ એનું કામ થઇ પડયું. થોડો સમય જતાં વંકચૂળ તો ભડવીર ચોર તરીકે પ્રસિદ્ધ થયો. ભલા ભલા રાજા મહારાજાના ભંડારો જોતજોતામાં લૂંટી લાવે! આમ થોડો સમય જતાં તો પુષ્કળ દ્રવ્ય તેણે એકઠું કર્યું. આ જોઈ પલ્લિવાળાઓ પણ ખુશ થઇ ગયા અને એની વાહવાહ બોલવા લાગ્યા.

એટલામાં વર્ષાઋતુનો સમય આવ્યો. મયૂરો ટહુકાર કરવા લાગ્યા. જોતજોતામાં આખું આકાશ કાળા ભમ્મર જેવા વાદળાંઓથી ઘેરાઇ ગયું. સૂર્ય અદશ્ય થઇ ગયો. વિજળીના ચમકારા થવા લાગ્યા. આકાશ ગર્જવા લાગ્યું. વરસાદ જોરશોરથી વરસવા લાગ્યો. મેઘરાજાએ તળાવો, નદીઓ, સરોવરો, કુવાઓમાં ભરતી કરવા માંડી. પૃથ્વી પાણીથી રેલમછેલમ થવા લાગી. આ બાજુ આચાર્ય મહારાજ જ્ઞાનતુંગસૂરિ પરિવાર સહિત વિહાર કરતા વરસાદથી ભીંજાએલા પલ્લિ લગી આવી પહોંચ્યા. હવે આચાર્ય મહારાજે આગળ વિહાર કરવો મોકુફ રાખ્યો. પલ્લિપતિ વંકચૂળ પાસે ચોમાસુ રહેવા માટે વસતીની યાચના કરી. ત્યારે પલ્લિપતિએ કહ્યું કે–'જો તમે અહીં રહીને કોઇને ઉપદેશ ન આપવાની કબુલાત કરતા હો તો ખુશીથી રહો. અમારી રજા છે." આચાર્ય મહારાજે ભાવી સારું જાણીને તે વાત કબુલ રાખી. બાદ વંકચૂળે આપેલ વસતીમાં આચાર્ય મહારાજ સપરિવાર રહેવા માંડયા. આચાર્યાદિએ સ્વાધ્યાય ધ્યાન તીવ્ર તપશ્ચર્યા વગેરેમાં ચાતુર્માસ પસાર કર્યું. બાદમાં સર્વ વસતી વંકચૂળને ભળાવીને કહ્યું કે હવે અમે અહીંથી અન્યત્ર વિહાર કરશું. પલ્લિપતિ વંકચૂળ પણ પોતાના પરિવાર સાથે આચાર્ય આદિને વળાવા સાથે ચાલ્યો. ચાલતાં ચાલતાં પલ્લિપતિનો સીમાડો પૂરો થયો એટલે પલ્લિપતિને આચાર્ય મહારાજે પૂછ્યું કે " આ હદ કોની છે ? " પલ્લિપતિએ કહ્યું કે " મારી નથી ". ત્યારે આચાર્ય મહારાજે કહ્યું કે " હે પલ્લિપતિ ! અમે અમારા સ્થાનમાં રહીને નિરંતર સ્વાધ્યાય–અધ્યયનાદિમાં તત્પર રહી ચાર મહીના પૂરા કર્યા, તેના બદલામાં તમે કાંઇક આત્મહિત કરવા માટે પ્રતિજ્ઞા કરો ! તેનાથી તમને ઘણો લાભ થશે. પ્રતિજ્ઞા–નિયમ એ સમસ્ત લક્ષ્મીના સાંકળ વગરના બંધન રૂપ અને ભૂત–પિશાચાદીનો વગર અક્ષરનો રક્ષામંત્ર છે." તે સાંભળીને પલ્લિપતિ વંકચૂળે આચાર્ય મહારાજને પ્રતિજ્ઞા આપવાનું કહ્યું. સમયજ્ઞ આચાર્ય ભગવંતે તેને ચાર પ્રકારની પ્રતિજ્ઞા કરાવી:—

(૧) કોઇ દિવસ અજાણ્યાં ફળ ખાવાં નહીં.

(૨) કોઇની ઉપર પ્રહાર કરતાં પહેલાં સાત પગલાં પાછાં હઠ્યા બાદ પ્રહાર કરવો.

(૩) રાજાની રાણી પ્રીતિવાળી હોય છતાં કોઇ પણ ભોગે ઇચ્છવી નહીં.

(૪) કાગડાનું માંસ કોઇ પણ દિવસ ખાવું નહીં.

આચાર્ય મહારાજ આગળ ચાલતા થયા. પ્રણામ કરી પલ્લિપતિ વંકચૂળ પણ પાછો વળી પલ્લિએ આવી પહોંચ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વંકચૂળ પણ ગમે તેવા પ્રસંગો ઉપસ્થિત થાય, જીવ જોખમમાં આવી જાય, છતાં પણ જરાય પાછી પાની કર્યા વિના પ્રતિજ્ઞાઓનું પાલન કરતો હતો. એમ કરતાં એકેક પ્રતિજ્ઞાની કસોટિ કેવી રીતે થઇ અને તેમાંથી વંકચૂળ કેવી રીતે પસાર થયો અને તેનાથી તેને કેટલો બધો ફાયદો થયો તે આપણે જોઇએ.

પહેલી પ્રતિજ્ઞાની કસોટી

એક સમયે એક મોટું ગામ લૂંટીને પાછા ફરતા તે માર્ગમાં ભૂલો પડયો. આમતેમ ભટકતાં ભટકતા તેને ત્રણ ત્રણ લાંઘણ પસાર થઇ, ભૂખ અને તરસ પુષ્કળ લાગી છે, આત્મા અંદરથી તલપાપડ થઇ રહ્યો છે, શરીર અસ્વસ્થ બની ગયું છે. એવામાં ચોર સેવકોએ કોઇ સ્થળે ફળ દીઠાં: ફળ પણ જોનારને આનંદ ઉપજાવે તેવાં હતાં. બહારથી તે ખુબસુરત ભાસતાં હતાં, પણ અંદરથી તો વિષમય કિંપાકના ફળ હતાં. ભુખથી પીડિત એવા સર્વે ત્યાં ગયા. વંકચૂળે પૂછયું કે-"આ ફળનું નામ શું છે?" ત્યારે ચોર સેવકોએ કહયું કે "નામની અમને ખબર નથી, પણ દેખાય છે ઘણાં મનોહર" વંકચૂળે કહયું કે "ભાઇઓ! એવાં અજાણ્યાં ફળ ન ખાવાની મારે પ્રતિજ્ઞા છે માટે હું તો નહીં ખાઉં. તમે પણ તેને ન ખાશો." પણ નિવારણ કરવા છતાં તેઓ માન્યા નહીં. ફળ તોડીને ખાધાં. ખાતાં તો બહુ મીઠાં લાગ્યાં પણ જ્યાં વિષનો વેગ વ્યાપ્યો કે પ્રાણ દેહ છોડી પરલોક સીધાવ્યો. વંકચૂળે વિચાર્યું કે આ તો બધા મૃત્યુને શરણ થયા. જરૂર વિષફળ હોવાં જોઇએ. એકલો ત્યાંથી નીકળી સ્વસ્થાને આવ્યો. મધ્યરાત્રીએ વિચારવા લાગ્યો કે-અહો! ગુરુમહારાજે અજાણ્યા ફળનો નિયમ કરાવ્યો તો હું તેમાંથી બચી ગયો. નહીંતર હું પણ મરણને શરણ થાત. આ પ્રથમ પ્રતિજ્ઞામાં સફળ થવાથી વંકચૂળની શ્રદ્ધા દૃઢ બની અને ગુરૂમહારાજનો પરમ ઉપકાર માનવા લાગ્યો.

બીજી પ્રતિજ્ઞાની કસોટી

એક વખતે વંકચૂળ બહાર ગયેલો. આ બાજુ તેના વૈરી રાજાના નાટકવાળાઓ આવી પહોંચ્યા. તેના મહેલ પાસે નાટક કરવાની શરૂઆત કરી. મહેલમાંથી વંકચૂળને બોલાવા લાગ્યા. ત્યારે તેની ભગિનીએ વિચાર્યું કે જો આ લોકોને ખબર પડશે કે વંકચૂળ અહીં નથી, તો નિઃશંસય એમનો રાજા જે આપણો વૈરી છે તે આવી આખા ગામનો નાશ કરશે. એમ વિચારી સમયજ્ઞ પુષ્પચૂળાએ સ્ત્રીનો વેષ કાઢી નાખ્યો. પોતાના ભાઇ વંકચૂળનો વેશ ધારી સજ્જ થઇ, વંકચુળ જ છે એમ ભાન કરાવતી, બહાર આવીને યોગ્ય સ્થાને બેઠી. નાટક પૂરું થયા બાદ દાન આપી મહેલમાં આવી એકદમ એના એ જ વસ્ત્રે પોતાની ભોજ્યાઈ સાથે પલંગમાં સૂઈ ગઈ. નાટકવાળાઓ ત્યાંથી ચાલ્યા ગયા. રાત્રિનો ઘણો સમય વ્યતીત થઇ ગયો. એટલામાં બહાર ગયેલો વંકચૂળ પાછો આવ્યો. મહેલમાં દાખલ થઇ સૂવાના ઓરડામાં ગયો ત્યાં તો પલંગમાં પોતાની સ્ત્રી સાથે કોઇ પુરુષને સૂતો જોયો. જોતાંની સાથે જ ક્રોધથી ઉભરાઇ ગયો. આંખો લાલચોલ થઈ ગઇ. અરે, આ દુષ્ટ ચંડાલ કોણ છે? એને હું મારી નાખું. એમ વિચારી હાથમાં તરવાર લીધી અને બન્નેને મારવાને માટે જ્યાં ઉગામ્યું ત્યાં તો એકદમ પ્રતિજ્ઞા સાંભરી આવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તરત જ સાત પગલાં પાછો હઠયો. આ બાજુ પુરુષ વેશમાં સૂતેલી પોતાની પુષ્પચૂળા બ્હેન એકદમ તરવારના પ્રહારના પડઘાથી જાગી ગઇ. જાગતાં જ પોતાના ભાઇને જોઇ, "મ્હારો ભાઇ વંકચૂળ ઘણું જીવો" એમ કહી ઊભી થઇ. એટલે વંકચૂળે તેણીને પ્રણામ પૂર્વક પુરુષના વેશનું કારણ પૂછ્યું. બ્હેને ભાઇને સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો. ભાઇનો ક્રોધ શાંત પડયો. તરવાર હાથમાંથી છોડી દીધી અને હર્ષઘેલો થઈ ગુરૂએ આપેલી પ્રતિજ્ઞાની પ્રશંસા કરવા લાગ્યો. અહો! તે ગુરૂમહારાજ નિઃશંસય મહાજ્ઞાની હતા. જો મને આ પ્રતિજ્ઞા ન કરાવી હોત તો આજ મારા હાથે સ્વભગિની અને સ્ત્રીનો ઘાત થાત.

ત્રીજી પ્રતિજ્ઞાની કસોટી

એક સમયે વંકચૂળ રાત્રિએ ચોરી કરવા કોઇ વણિકને ઘેર ગયો. ત્યાં બાપ દીકરો નામા સંબંધી તકરારમાં પડયા હતા, અને ઊંચા સ્વરથી બોલતા હતા. વંકચૂળે વિચાર્યું કે આપણે અહીં નહીં ફાવીએ. એટલે ત્યાંથી નીકળી વેશ્યાને ઘેર ગયો. ત્યાં પણ વેશ્યા કોઇ ગોકિયા સાથે ભોગ ભોગવતી હતી. એટલે ત્યાંથી પાછો ફર્યો. અને વિચારવા લાગ્યો કે આજ સારા શુકન થયાં નથી લાગતાં, જ્યાં ત્યાંથી પાછા જ ફરવું પડે છે. એમ વિચાર કરતાં કરતાં તે પહોંચ્યો રાજમહેલે. પાછળના ભાગમાંથી રાજમહેલની ભીંત ફાડીને અંતઃપુરમાં ગયો. રાણી કાંઇક જાગતી અને કાંઇક નિદ્રા લેતી શય્યામાં પડેલી હતી. અચાનક વંકચૂળનો હાથ તેને અંગે લાગી ગયો. કોમલ સ્પર્શથી એકદમ રાણી જાગી ગઇ અને સ્વરૂપવાન વંકચૂળને દેખી રાણીની મનોભાવના પલટાણી. કામદેવે જોર અજમાવ્યું. રાણીની રગેરગમાં કામ ઉદ્દીપન થયો. રાણી વંકચૂળને વિનતિ કરવા લાગી પણ વંકચૂળને ગુરુમહારાજે કરાવેલી પ્રતિજ્ઞા સાંભરી આવી. તરત જ રાણીને જણાવી દીધું કે 'તું તો મારી માતા સમાન છે.' રાણીએ કીધું "અહ્યા માની જા! નહીંતર તારું આવી બનશે." છતાં વંકચૂળ પ્રતિજ્ઞાથી લેશ માત્ર ડગ્યો નહીં. ત્યારે રાણીએ એકદમ ઢોંગ કરી તેના પર ખોટું આળ ચઢાવવા માટે ધુમાધુમ કરી મૂકી. 'અરેરે, આ કોઇ બદમાસ હરામખોર મારી લાજ લૂંટવા આવ્યો છે." રાણીનો પોકાર સાંભળતાં જ રાજસેવકો ત્યાં દોડી આવ્યા. અને વંકચૂળને પકડી બાંધી લીધો અને પ્રભાતમાં સેવકોએ રાજા સમક્ષ ખડો કર્યો અને રાત્રિના વૃત્તાંતથી રાજાને વાકેફ કર્યા. પણ ખુદ રાજાએ જ રાત્રિમાં ભીંતની પાછળ રહીને નજરે જ બધું નીહાળ્યું હોવાથી. વંકચૂળને શિક્ષા નહીં કરતાં તેના સદ્‌ગુણોથી રંજિત થઇ રાજાએ તેને પોતાનો સામંત બનાવ્યો અને રાણીનું પાપ છૂપાવી દીધું, જાણે પોતે કશું જાણતો જ નથી! વંકચૂળ રાજાના ઉપદેશથી ચોરીનો ધંધો છોડી દઇને સન્માર્ગે પ્રવર્તવા લાગ્યો. સારાનો સંસર્ગ થતાં સૌ સારા વાનાં જ થાય.

ચોથી પ્રતિજ્ઞાની કસોટી

એકદા રાજાએ વંકચૂળને કોઇ મહાન શત્રુને જીતવા માટે મોકલ્યો. જીત મેળવીને વંકચૂળ પાછો આવ્યો. પણ તેને ઘણા પ્રહારો લાગવાથી દુઃખી થતો ઘેર આવી પલંગે સૂઇ ગયો. વૈદ્યોને બોલાવ્યા. વૈદ્યોએ ઉપચાર શરૂ કર્યા. પણ પ્રહારની વેદનાથી બીજા રોગો ઉત્પન્ન થયા, પણ મૂળ વેદના મટી નહીં. વૈદ્યોનું ઔષધ ઉલટું પડવા માંડયું. અને દિવસે દિવસે તેનું શરીર ક્ષીણ થવા લાગ્યું. હવે તો તેને ચોરી પણ ગમતી ન હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વેદનાનો કાંઈ પાર ન હતો. રાજાએ પણ એનો રોગ મટાડવાને આખા નગરમાં પટહ વગડાવ્યો કે 'જે આ વંકચૂળને જીવાડશે તેને રાજા યથેચ્છ દાન આપશે.' આ સાંભળી એક પુરાણા વૈદ્ય આવી ઔષધ બતાવ્યું કે 'કાગડાના માંસનું ભક્ષણ કરો.' વંકચૂળને ગુરૂમહારાજે આપેલી પ્રતિજ્ઞા સાંભરી આવી. તેણે કહ્યું: "વૈદ્યરાજ ! ભલે મારો પ્રાણ ચાલ્યો જાય, પણ મારાથી એ ભક્ષણ નહીં થઈ શકે." વૈદ્ય તો આ સાંભળીને આભો જ બની ગયો. પછી વંકચૂળને સમજાવવા માટે રાજાએ ધર્મકર્મમાં જાણ એવા તેના મિત્ર શુદ્ધ શ્રાવક જિનદાસ શ્રેષ્ઠીને તેડવા માણસ મોકલ્યું. રાજાના માણસે ખબર આપી કે તરત જ જિનદાસ શ્રેષ્ઠી ત્યાં આવ્યા, અને પોતાના મિત્રને કહ્યું કે "હે મિત્ર શરીરે સુખ છે કે ?" વંકચૂળે કહ્યું કે "હે ધર્મબંધો ! હે પ્રિયમિત્ર ! તું ભલે આવ્યો. મારું શરીર અસ્વસ્થ છે. કારણ કે આ શરીર રોગનું ઘર છે. આ જીવિત છે તે કર્મને આધીન છે. હે મિત્ર ! આરાધના કરાવવી તે તારે આધીન છે. માટે તને જેમ ઉચિત લાગે તેમ મને ધર્મપરાયણ બનાવ." જિનદાસ પણ તેની પરીક્ષા કરવા ખાતર બોલ્યો કે–"તમારા આરોગ્ય અર્થે આ કાગના માંસનું ઔષધ ગ્રહણ કરો". તે સાંભળતાંની સાથે જ સાહસિકમાં શ્રેષ્ઠ એવો વંકચૂળ ક્રોધપૂર્વક બોલ્યો કે "શું બોલ્યા તમે ? ભલે આ દેહ પડી જતો, જીવિત કંઠે આવી રહે તો પણ શું ? હું મારી પ્રતિજ્ઞાનું ખંડન કદાપિ કરીશ નહીં. ભલે સૂર્ય પશ્ચિમ ઉગે ! ભલે મેરુ ચલિત થાય ! ભલે સમુદ્ર માઝા મૂકે ! ભલે આભ ટૂટી પડે ! પણ મારી પ્રતિજ્ઞાનો ભંગ નહીં જ થાય. જીવ કાલે જતો હોય તો ભલે આજ જાય. તેની મને પરવા નથી. મારો પરભવ કેમ સુધરે એ જ હું તો ઝંખી રહ્યો છું."

આ પ્રમાણે મરણની અંતિમ દશામાં પણ પોતાના મિત્ર વંકચૂળને દૃઢ જોઈ, જિનદાસ શ્રેષ્ઠીએ તેને ચાર શરણાં અંગીકાર કરાવી મહામંગલકારી નમસ્કારાદિ મંત્રો સંભળાવ્યા. સર્વ જીવની સાથે ખમતખામણાં કરાવ્યાં. અને વંકચૂળનો પ્રાણ પંખી નમસ્કાર મંત્રનું ઉચ્ચારણ કરતો આ દેહ છોડી પરલોકમાં સિધાવી ગયો. અને અંતિમ શુભ આરાધનાથી તે બારમા અચ્યુત દેવલોકે દેવપણે ઉત્પન્ન થયો.

ધન્ય હો એ વંકચૂળને કે જેણે પોતાની પ્રતિજ્ઞાઓનું નિડર રીતે પાલન કર્યું.

કળા અને શાસ્ત્રીય દૃષ્ટિએ સર્વાંગ સુંદર

ભગવાન મહાવીરસ્વામીનું ત્રિરંગી ચિત્ર

૧૪"×૧૦" સાઇઝ : આર્ટકાર્ડ ઉપર ત્રિરંગી છપાઇ : સોનેરી

બૉર્ડર : મૂલ્ય–**ચાર** આના (ટપાલ ખર્ચનો દોઢ આનો જુદો.)

શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ

જેશિંગભાઇની વાડી : ઘીકાંટા, **અમદાવાદ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

सागरगच्छीय साधुओंकी उपस्थापना–दिनावली

संग्राहक व सम्पादक—**पूज्य पंन्यासजी महाराज श्री कल्याणविजयजी गणी.**

जन पुस्तक–भण्डारोंमें विचित्र प्रकारकी ऐतिहासिक सामग्री भरी पडी है यह बात अब सर्वविदित हो चुकी है। आप पुराने भण्डारोंकी ग्रन्थसूचियां देख कर ही संतुष्ट न हूयिये, उनके त्रुटक ग्रन्थ और रद्दी समझे जानेवाले लिखित पत्रसंग्रहका भी सूक्ष्म दृष्टिसे निरीक्षण करें, आपको उनमेंसे कइ उपयोगी चीजोंका पता लगेगा। विशेष करके ऐतिहासिक घटनावलियां, वैद्यकके बहुमूल्य नुस्खे और ज्योतिषके सुगम तथा चुटकुले बहुमूल्य आम्नाय हाथ लगेंगे जिनका पढकर आपका चित्त फडक उठेगा।

हमने अपने अन्वेषणमें अनेक बहुमूल्य चीज प्राप्त की हैं। जो इन विषयोंमें रुचि रखनेवाले विद्वानोंके लिये पर्याप्त रूपसे उपयोगी हो सकती हैं

'सागरच्छीय साधुओंकी उपस्थापना–दिनावली' का पत्ना जिसका यहां परिचय दिया जा रहा है, हमें इसी प्रकारके रद्दी पत्रोंको टटोलते हुये हाथ लगा था।

यह पत्र १९×५। ईंच लम्बा चौडा है। इस लम्बे पत्रमें कुल १५८ पंक्तियां हैं और १२५ सवासौ साधुओंकी उपस्थापना (बडी दीक्षा) होनेकी संवत् मितियां हैं। किसकी उपस्थापना किसके हाथसे हुई इसका क्वचित् निर्देश हुआ है, सर्वत्र नहीं। इससे यह मालूम होता है कि जहां उपस्थापना करनेवालेका नामोल्लेख नहीं है, वे सब उपस्थापनायें तत्कालीन गच्छपति आचार्यके हाथसे हुई होगी। उपस्थापना लेनेवाले साधुके नामके पहले बहुधा उसके गुरुका नाम भी लिख दिया है, इससे यह भी सुगमतासे जाना जा सकता है कि कौन साधु किसका शिष्य था।

जहां उपस्थापना दी गई है कहीं कहीं उन गांवका भी नामनिर्देश किया गया है, इसी तरह क्वचित् उपस्थापना करनेके समयका भी सूचन किया गया है।

वर्तमान समयमें बहुधा वर्षाकालको छोडकर दिनके पूर्वभागमें उपस्थापना कराते हैं, परन्तु इस पत्रस्थित सूचीसे ज्ञात होता है कि उस समय आश्विन शुक्ल १० को और इसके बाद वर्षाकालमें भी और अपराह्णमें भी उपस्थापना दी जाती थी।

आजकल दीक्षा, प्रतिष्ठा आदिके मुहूर्तोंमें मंगलवारको सर्वथा त्याज्य गिनते हैं जैसाकि ज्योतिष शास्त्रमें लिखा है, परन्तु इस उपस्थापनावलीको देखनेसे जाना जाता है कि उस समय मंगलवारको भी उपस्थापना दे देते थे।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

प्रस्तुत पत्र किसी एक ही वर्षमें नहीं लिखा गया। प्रारम्भके 'शीर्षक लेख' में संवत १६९८ का निर्देश है और यह उपस्थापना--घटनावली तत्कालीन सागर-गच्छीय आचाय श्रीवृद्धिसागरसूरिजीके राज्यमें लिखे जानेका सूचन है। परन्तु इस लेखमें संवत् १७३६ तककी उपस्थापनाओंका एक ही लिपिमें निरूपण है अतः यह लेख संवत् १७३६ के वर्षमें लिखा जाना प्रमाणित होता है। प्रारम्भमें जो संवत् १६९८ लिखा है उसका यह तात्पर्य हो सकता है कि इस सालमें आचार्य श्री वृद्धिसागर गच्छपति बने हों और १७३६ तक गच्छपति रहे हों जिससे आपके गच्छनायकत्वकालमें दी गई उपस्थापनाओंकी दिनावली आपके राज्यमें लिखे जानेका उल्लेख किया गया हो। कुछ भी हो पर इतना तो निर्विवाद सिद्ध है कि इनमें अधिकांश उपस्थापनायें श्री वृद्धिसागरसूरिजीके सत्तासमयमें हुई थीं, क्योंकि इनके प्राग्वर्ती आचार्य श्रीराजसागरसूरिजी जो सागरगच्छके आद्य प्रवर्तक थे संभवतः इस समयके पहले परलोकवासी हो चुके थे।

संवत् १७३७ से संवत् १७४२ तककी उपस्थापनाओंकी सूची दूसरे व्यक्तिके हाथकी लिखी हुई है और संवत् १७४२ से १७४४ तककी घटनावलीको लिपि तो इसी व्यक्तिके हाथकी है पर कलम स्याही बदल गई है।

इसके आगेकी लिपि तीसरे व्यक्तिके हाथकी है जिसने १७५६ तककी उपस्थापना--दिनावली लिखी है। इस तीसरे आदमीके लिखे हुए लेख विभागमें कुछ संवत् मितियां अस्तव्यस्त भी लिखी हुई दृष्टिगोचर होती हैं। एकंदर इस पत्रमें संवत् १६९४ से लेकर संवत् १७५६ पर्यन्त के ६३ वर्षोंमें सागरगच्छके जिन जिन साधुओंकी उपस्थापनायें हुई थीं उन सबकी दिनावली इस पत्रमें दी हुई हैं।

पत्रमें जिन साधुओंकी उपस्थापनाका उल्लेख किया गया है उनके अधिकांश नाम 'सागरान्त' हैं। हां, कुछ नाम भिन्न प्रकारके भी हैं। इन भिन्न नामवाले साधु सागरगच्छके न होते हुए भी सागरगच्छीय आचार्यकी आज्ञामें रहनेवाले होंगे।

पत्रके तीसरे लेख विभागमें कुछ उन साधुओंकी उपस्थापनाकी भी यादी है जो श्रीविजयप्रभसूरिजीके आज्ञावर्ती थे।

यह उपस्थापनादिनावलीका पत्र प्राचीन ढंगसे चलती लिपिमें लिखा हुआ है। मात्र ३--४ जगह फकरे जुदे पाडे गये हैं, परन्तु हमने सुगमताके लिये प्रत्येक फकरा जुदा पाडकर उसके पहले (१--१) इस प्रकारके कोष्ठकोंमें उपस्थापना और उपस्थापना लेनेवाले साधुओंकी संख्या बतानेवाले क्रमांक लिख दिये हैं।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

उपस्थापना–दिनावलि प्रायः शुद्ध संस्कृतमें लिखी गई है अतः हमने अपनी तरफसे इसमें कोई फेरफार नहीं किया। जैसा पुराने पत्रमें लिखा है वैसा ही यहां लिख दिया है।

आहोर (मारवाड)
ता. ७–१०–१९४२ } कल्याणविजय

सागरगच्छीय साधु–उपस्थापना–दिनावली

॥ ई ॥ श्रीपार्श्वनाथाय नमः ॥ भट्टारकश्रीराजसागरसूरिगुरुभ्यो नमः ॥

॥ संवत् १६९८ वर्षे । शाके १५६४ प्रवर्तमाने । चैत्रमासादारभ्य सकलसाधूनामुपस्थापनादिनानि लिख्यंते ॥ श्रीवृद्धिसागरसूरिराज्ये ॥

(१।१) संवत् १६९८ । शाके १५६४ । कार्त्तिक वदि २ दिने प्रभातसमये । मु. कल्याणसागरस्य उपस्थापना ॥

(२।२) ॥ सं. १६९४ । शा. १५६० प्र. वै. शु. ३ दिने । पं. तिलकसत्क मु. जससागरस्योपस्थापना ॥

(३।३) सं. १६९५ । शा. १५६१ । माघ शु. ३ दिने । मु. हेमसागरस्योपस्थापना । प्रभाते ॥

(४।४–५–६) सं. १७०५ वर्षे । शा. १५७१ । वैशा. शु. १४ दिने । मु. बुद्धिसागर । मु. कृपासौभाग्य । मु. चतुरसागराणामुपस्थापना ॥

(५।७–८–९–१०) सं. १७०५ । शा. १५७१ । द्वितीयाषाढ शु. ८ दिने । मु. क्षेमसागर । मु. हितसागर । मु. नयसागर । मु. कांतिसागराणामुपस्थापना ॥

(६।११–१२–१३) सं. १७०६ । शा. १५७२ प्र. । माघ शु. ८ दिने प्रभाते । मु. अमरविमल । मु. मानविमल । पं. हर्षसागरसत्क मु. अमरसागराणामुपस्थापना प्रभाते ॥

(७।१४–१५) सं. १७०६ वर्षे शा. १५७२ प्र. माघ शु. ८ दिने । मु. हेमसौभाग्य । मु. मेघसौभाग्ययोरुपस्थापना प्रभाते ।

(८।१६) सं. १६९८ । शाके १५६४ प्र. ज्येष्ठ शु. ७ दिने पं. सौभाग्यसागरसत्क मु. कमलसागरस्योपस्थापना ॥

(९।१७) सं. १७०६ । शा. १५७२ फागुण शु. ४ दिने पं. विनीतसागरसत्क मु. धीरसागर उपस्थापना ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(१०।१८) सं. १७०७। शा. १५७३। माघ व. १४ दिने। उ. रत्नसागर ग. सत्क नरसागर उपस्थापना ॥

(११।१९-२०) सं. १७०८। शा. १५७४ माघ व. १३ बुधे प्रातः पं. तिलकसागरसत्क मु. सुविधिसागररूपसागरयोरुपस्थापना शेषपुरे ॥

(१२।२१-२२) सं. १७०९। शा. १५७५। आषाढ शु. ८ दिने संध्यायां मु. कांतिसौभाग्य। ऋ. नाहनजी। उपस्थापना। पं. श्रीतिलकसागरगणिभिः कृता ॥

(१३।२३) सं. १७१०। शा. १५१६। ज्येष्ट व. ४ शनौ। रूपसागर दीक्षा ॥

(१४।२४-२५) सं. १७१७। शा. १५८३ ज्येष्ट शु. ११ दिने। पं. विनीतसागरसत्क मु. रंगसागर। ग. भावसत्क मु. साधुसागरयोरुपस्थापना ॥

(१५।२६) सं. १७१८। शा. १५८३। कार्तिक शु. १३ दिने। सरषेजमध्ये। मु. सुंदरसौभाग्यस्योपस्थापना ॥

(१६।२७) माघ शु. ७ दिने पं. हेमसागरसत्क मु. उदयसागरस्योपस्थापना।

(१७।२८) माघ व. १ दिने मु. जयसागरस्योपस्थापना ॥

(१८।२९) फागुण शु. ३ भौमे पं.। हीरसत्क मु. कपूरसागरस्योपस्थापना ॥

(१९।३०-३१) सं. १७१८ वर्षे शा. १५८४। वैशा. व. १० शनौ मु. भेरुसागर। मु. वीरसागरयोरुपस्थापना ॥

(२०।३२-३३-३४-३५-३६-३७) ज्येष्ट शु. ४ रवौ। पं. विनीतसत्क। मु. ऋद्धिसागर। पं. विद्यासत्क मु. धीरसौभाग्य पं. भाणसत्क मानसागर। पं. कनकसत्क लालसागर पं. चतुरसौभाग्यसत्क सं. दीपसौभाग्य। ग. विनयसौभाग्यसत्क मु. विनीतसौभाग्यानामुपस्थापना ॥

(२१।३८) आषाढ शु. १३ बुधे संध्ययां पं. सूरसागरसत्क मु. केसरसागरस्योपस्थापना ॥

(२२।३९) अश्वन शु. १० दिने श्रीपूज्यजीसत्क मु. दयासागरस्योपस्थापना ॥

(२३।४०) सं. १७१९। शा. १५८५ ज्ये० शु. २ दिने। पं. भाणसत्क मु. रूपसागरस्योपस्थापना ॥ सं. १७२८ पुनरपि ॥

(२४।४१) सं. १७२०। शा. १५८५ फागुण शु. ३ दिने उ. श्रीरत्नसत्क। मु. महीसागरस्योपस्थापना प्रभाते ॥

(२५।४२) फा. शु. १० दिने। ऋ. देवजी ॥

(२६।४३) सं. १७२०। शा. १५८६ वैशाख शु. ८ दिने पं० विनयसा.-सत्क मु० हंससागरस्योपस्थापना ॥

(२७।४४-४५-४६-४७-४८-४९-५०) वैशाख व० ६ दिने। प्रभात-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

समये । मु० मतिसागर । इंद्रसागर । ललितसागर । हीरसागर । चतुरसागर । लाभविमल । रत्नविमलानामुपस्थापना ॥

(२८।५१) आषाढ शु० ६ दिने पं० अमृतसत्क मु० सुखसागरस्योपस्थापना ॥

(२९।५२) कार्त्तिक व० २ दिने मु० लाभसौभाग्यस्योपस्थापना ॥

(३०।५३–५४) ऋ. वरधा । मु. कपूरसौभाग्ययोः का. व. द्वितीयायां उपस्थापना ॥

(३१।५५) सं.१७२२।शा.१५८८।वैशा.शुदि ४ संध्यायां मु.मोहनसागरउपस्थापना ।

(३२।५६) वै. शु. ५ दिने पं. हेमसागरसत्क मु. गंगसागरोपस्थापना ॥

(३३।५७–५८) सं. १७२१ व. शा. १५८७ ज्ये. शु. २ दिने पं. कुंवर सत्क मुनि लावण्य । लीलसागरयोरुपस्थापना ॥

(३४।५९–६०) आषाढ शु. ३ दिने । उ. रत्नसत्क मु. इन्द्रसागरललित-सागरयोरुपस्थापना ॥

(३५।६१) कार्त्तिक शु० १६ दिने पं. धीरसत्क मु. अमरसागरोपस्थापना ॥

(३६।६२) सं. १७२२ । शा. १५८८ । का. व. २ दिने । उ० श्री. विनीत–सागरसत्क मु० प्रेमसागरस्योपस्थापना ॥

(३७।–६३–६४–७०) सं. १७१३ व. शा. १५८९। वैशा. शु. ४ शनौ० । राजनगरे पं. प्रीतिसागरशिष्य मु. चतुरसागर। रूपसागर । रूपभसागर–प्रमुखाणामष्टानामुपस्थापना उ. लक्ष्मीविजयगणिभिः कृता ॥

(३८।७१) सं. १७२५ शा. १५९१ मार्गशीर्ष शु. १२ दिने मु. विशेष-सागरस्योपस्थापना ॥

(३९।७२) सं. १७२८ । शा. १५९४ पं. भाग्यसत्क मु. हेमसागरोपस्थापना॥

(४०।७३) सं. १७३०।शा. १५९६ आषाढ शु. ९ बुधे मुनि नित्यसौभाग्य-स्योपस्थापना ॥

(४१।७४–७५) संवत् १७३२ । शाके १५९८ । आषा० शु. २ शनौ मु० केसरसागर मु० आणंदसागरयोरुपस्थापना । श्री राधनपुरनगरे ।

(४२।७६) संवत् १७३६ वर्षे शाके सोल २ प्रवर्तमाने मार्गसिर शु ३ रवौ प्रातसमए(ये) मु. कि (की) र्त्तिसागर उपस्थापना श्रीदर्भावतिनगरे कृता । शुभं भवतु ॥

(४३।७७) सं. १७३७ वर्षे। शाके १६०३ प्रव० का० व० ३ द्वितीया गुरौ । मु. हंससागरस्योपस्थापना कृता । श्री वटपद्रनगरे ॥

(४४।७८–८६) सं. १७३८ वर्षे । शा० १६०४ प्र. द्वितीय चैत्रसित ४ चतुर्थी शनौ । मु. कपूरसागर । मु. शागसागर । मु. निधिसागर । मु. वीरसौभाग्य । मु. भाणसौभाग्य । मु. पुन्यसागर । मु. देवसौभाग्य । मु. शांति-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

सौभाग्य । मु. विवेकसौभाग्यानामुपस्थापना विहिना प्रभातसमये श्री अहिमदाबाद नगरे श्रीपूज्यैः ॥ श्रीरस्तु ॥

(४५।८७) संवत् १७४१ वर्षे शा. १६०७ प्रवर्तमाने का० व० ५ दिने ऋ० डाहाह्वस्योपस्थापना कृता श्री राजनगरे श्रीपूज्यैः ॥

(४६।८८–८९) संवत् १७४१ वर्षे शाके १६०७ प्रवर्तमाने माघ वदि १३ दिने मुनि आणंदसागर मुनि रविसागरयोरुपस्थापना कृता श्रीराजनगरे श्रीपूज्यैः ॥

(४७।९०) श्रीस्तंभतीर्थे मुनि रत्नविजयस्योपस्थापना कृता फाल्गुनसितद्वितीयादिने॥

(४८।९१–९२–९३–९४) संवत् १७४२ वर्षे शाके १६०८ प्रवर्तमाने वैशाष शुदि ६ वार रवौ पं. मानसागरसत्क भाणसागर पं. भाग्यसागरसत्क गंगसागर पं. जिनसागरसत्क जीतसागर पं. जिनसागरसत्क विवेकसागराणामुपस्थापना कृता उ० श्रीइन्द्रसौभाग्यगणिभिः श्रीराजनगरे ॥

(४९।९५) संवत् १७४२ वर्षे शाके १६०८ प्रवर्तमाने आ. शुदि १० दिने पं. धीरसागरगणिसत्क मु. डुंगरसागरस्योपस्थापना कृता पत्तनमध्ये ॥

(५०।९६–९७) संवत् १७४३ वर्षे शाके १६०९ प्रवर्तमाने ज्येष्ठ वदि ३ गुरौ पं. गंगसागरसत्क ऋ. मेघा मु. भाग्यसागरयोरुपस्थापना कृता श्री[ ]जपुरे श्रीपूज्यैः प्रभातसमये ॥

(५१।९८–९९) संवत् १७४४ वर्षे शाके १६०९ प्रवर्तमाने आसो शुदि १० दिने गुरुवारे पं. अमरसौभाग्य ग. सत्क मुनि हर्षसौभाग्य पं. मेघसौभाग्यसत्क मुनि हीरसौभाग्यस्योपस्थापना कृता महीशानक राधनपुरे ॥

(५२।१००) संवत् १७४४ वर्षे शाके १६१० प्रवर्तमाने रत्नसागर ग० सत्क मु० रंगसागरस्योपस्थापना कृता कार्त्तिक वदि ८ अष्टमी दिने कालुपुरे उ. कांतिसागरगणिना ॥

(५३।१०१) संवत् १७४४ प्रवर्तमाने शाके १६१० प्रवर्तमाने पोष वदि ५ दिने पं. सूरसागरग. सत्क मु. प्रीतिसागरस्योपस्थापना कृता संध्यायां श्रीपूज्यैः राजपुरे ॥

(५४।१०२–१०३) संवत् १७२२ शाके १५८८ वर्षे चैत्र वदि अष्टमी दिने सोमवासरे प्रथमप्रहरे श्रीविजयप्रभसूरिविजयिनी श्रीराजनगरे पं. श्री सौभाग्यविजय ग. ना मु. हितविजयतेजविजययोरुपस्थापना कृता ॥

(५५।१०४) संवत् १७२५ वर्षे फागुण शुदि ३ दिने उपस्थापना कृता। पं. श्री सौभाग्यविजयगणिभिः कृता राजनगरे प. विवेकविजयगणिभिः शिष्य मु.रामविजयस्य कृता॥

(५६।१०५) वर्षेऽक्षनेत्रर्षिविधुप्रभाते माघस्य शुक्ले दशमी तिथौ च ॥ उपस्थितिः प्रीतिमतीहिताख्यकवेः शिशोर्ज्ञानमुनेः प्रगेऽभूत ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(५७।१०६ १०७–१०८) संवत् १७४५ वर्षे ज्येष्ट शुदि ४ दिने प्रथम-प्रहरे शाके १६१२ (१६१०) प्रवर्तमाने राजनगरे श्रीपूज्यपार्श्वे उ. श्री बुद्धिसागर ग.भिः कृता उपस्थापना मु. महिमासागर पं. सुखसागर ग. सत्क मु. रामविजय ग. मु. हर्षविजयस्य पं. भाणसा**गर** पं. सत्क. ऋ. केशव एषां त्रयाणां सार्द्धं श्रीपूज्यैः स्वयमुपस्थापना कृता ।

(५८।१०९) संवत् १७४९ वर्षे आ. शु. १२ उपस्थापना ॥

(५९।११०) संवत् १७४८ वर्षे शाके १६१४ प्रवर्तमाने आसाढ शुदि १२ बुधे पं. दयासागरसत्क मु. चतुरसागरस्योपस्थापना कृता दर्भावतिनगरे पाश्चात्यप्रहरे पं. दयासागर ग. कृता ॥

(६०।१११) संवत् १७४९ वर्षे शाके १६१५ प्रवर्तमाने वैशा. शु. ५ रवौ पं. मेरविजयसत्क मु. रत्नविजयशत्क(सत्क) मु. दयाविजयस्योपस्थापना कृता पाटणनगरे भ. लक्ष्मीसागरसूरिभिः पश्चात्प्रहरे ॥

(६१।११२–११३) सं. १७५१ वर्षे शाके १६१७ प्र. ज्येष्ट व. १० प्रथमप्रहरे मु. महिमासागरस्य उपस्थापना कृता उ. श्रीसुंदरसौभाग्य**गणि**सत्क मु. सुमतिसौभाग्यस्य उपस्थापना कृता शेषपुरे उ. श्रीसुंदरसौभाग्य**गणि**भिः ॥

(६२।११४) संव. १७५२ वर्षे शाके १६१८ प्रवर्त्तमाने वैशाख सुदि ३ शुक्रे प्रथमप्रहरे मु. इंद्रसा**गर**स्योपस्थापना कृता श्रीराजनगरे भ. लक्ष्मीसा**गर**सूरिभिः ॥

(६३।११५) संवत् १७२२ वर्षे फागु. व. ७ दिने शनिवारे पं. सुखचंद्र **ग.** शि. पं. प्रमोदचंद्र **ग.** उपस्थापना कृता द्वि. प्र. राजन**गर**म. पं. सौभाग्यविजय···· ॥

(६४।११६) संवत् १७२२ वर्षे वैशाखवदि ६ दिने शनिवारे श्रीसीरोहीमध्ये मु. सुमतिविजयस्य उपस्थापना कृता पं. रामविजय**गणि**भिः ॥

(६५।११७) सं. १७५४ वर्षे शाके १६२० प्रवर्तमाने द्वि. जे. सु. ३ बुधे सु.····

(६६।११८) संव. १७४२ वर्षे मु. कुशलविजयस्य उपस्थापना कृ···· ॥

(६७।११९) संवत् १७५३ वर्षे शाके १८ प्रवर्तमाने मा**गसिर** वदि १ रवौ मु. कुशलसा**गर**स्योपस्थापना कृता भ. श्री लक्ष्मीसा**गर**सूरिभिः रविपुरे प्रथमप्रहरे ॥

(६८।१२०) सौभाग्यस्योपस्थापना कृता वटपद्रमध्ये उ. श्रीसुंदरसौभाग्य**गणि**भिः॥

(६९।१२१) सं. २३ पं. केशवसा**गर**यो(स्य) उपस्थापना कृता प्रभाते ॥

(७०।१२२) संवत् १७५३ आ. ५४ वर्षे प्रथम आ. शु. २ पं. सुमति-बीजयसत्क मु. उद्योतविजयस्य उपस्थापना कृता मोतामध्ये ॥

(७१।१२३–१२४–१२५) संवत १७५६ वर्षे शा. १६२२ प्रवर्तमाने वै. सु. २ बुधे मु. विवेकसा**गर** प्रमोदसा**गर** धीरसागराणामुपस्थापना कृता ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પંચપરમેષ્ઠિનમસ્કારનો પ્રભાવ આજે છે કે નહિ ?

લેખકઃ—પૂજ્ય મુનિમહારાજ શ્રી ભદ્રંકરવિજયજી, અહમદનગર.

આ પ્રશ્નનો ઉત્તર આપવો કઠિન છે. શાસ્ત્રોમાં પંચપરમેષ્ઠિનમસ્કારનો મહિમા ઘણો મોટો વર્ણવ્યો છે. એને સર્વમંત્રરત્નોનું ઉત્પત્તિ સ્થાન કહ્યું છે. એને સર્વ શાસ્ત્રોની આદિમાં ઉચ્ચારણ કરવાનું ફરમાન કર્યું છે. એના એકેક અક્ષરના ઉચ્ચારણમાં અનંત કર્મો અને તેના રસનો ઘાત થાય છે, એમ ફરમાવ્યું છે. સર્વ કાળના અને સર્વ ક્ષેત્રના સર્વ પરમર્ષિઓ અને મહર્ષિઓને પ્રણામરૂપ હોવાથી એ મહામંગલ સ્વરૂપ છે, એમ જોરશોરથી પ્રતિપાદન કર્યું છે. પંચપરમેષ્ઠિનમસ્કૃતિને આ લોક અને પરલોકમાં અનેક પ્રકારના વાંછિતો પૂરા પાડનાર તરીકે વર્ણવેલ છે. અર્થને આપનાર પણ તે જ છે. કામને આપનાર પણ તે જ છે. અને આરોગ્યને આપનાર પણ તે જ છે. અભિરતિ અને આનંદને આપનાર પણ એને જ માનેલ છે. પરલોકમાં સિદ્ધિગમન અથવા દેવલોકગમન, અથવા શુભ કુળમાં આગમન અથવા બોધિલાભનું કારણ પણ એને જ કહેલ છે. સર્વ સુખનો પ્રયોજક અને સર્વ દુઃખનો ઘાતક પણ પંચપરમેષ્ઠિનમસ્કાર છે, એમ તે તે સ્થળોએ સાફ શબ્દોમાં શાસ્ત્રકાર મહર્ષિઓએ ફરમાવ્યું છે. તો પછી આજે એથી વિપરીત કેમ ? એ પ્રશ્ન સહેજે ઉત્પન્ન થાય છે. એનો ઉત્તર પણ ભગવાન હરિભદ્રસૂરિજી આદિ સૂરિપુંગવોએ સ્પષ્ટ શબ્દોમાં આપેલો છે. 'યોગબિન્દુ' નામના ગ્રન્થરત્નમાં તેઓશ્રી ફરમાવે છે કે—

" अक्षरद्वयमप्येतत्, श्रूयमाणं विधानतः। गीतं पापक्षयायोच्चैः, योगसिद्धैर्महात्मभिः ॥१॥

સિદ્ધયોગી એવા તીર્થંકર ગણધરાદિ મહાપુરુષોએ 'યોગ' એવા બે અક્ષર પણ વિધાનપૂર્વક સાંભળનાર આત્માને અત્યંત પાપના ક્ષય માટે થાય છે, એમ ફરમાવેલ છે.

એ જ શ્લોકની સ્વોપજ્ઞ ટીકામાં તેઓશ્રી ફરમાવે છે કે—

" अक्षरद्वयमपि किं पुनः पञ्चनमस्कारादीन्यनेकान्यक्षराणीत्यपि शब्दार्थः। एतत् 'योगः' इति शब्दलक्षणं श्रूयमाणमाकर्ण्यमानम्। तथाविधार्थाऽनवबोधेऽपि, 'विधानतो' विधानेन, **श्रद्धासंवेगादिशुद्धभावोल्लासकरकुड्मलयोजनादिलक्षणेन**। गीतमुक्तं पापक्षयाय, मिथ्यात्वमोहाद्यकुशलकर्मनिर्मूलनायोच्चैरत्यर्थम्। कैर्गीतमित्याह 'योगसिद्धैः' योगः सिद्धो निष्पन्नो येषां ते तथा, तैर्जिनगणधरादिभिः 'महात्मभिः' प्रशस्तभावैरिति ॥ "

'બે અક્ષર પણ' પંચનમસ્કારાદિ અનેક અક્ષરો માટે તો કહેવું જ શું ? 'યોગ' એવા બે અક્ષર સાંભળાતાં, તેવા પ્રકારના અર્થનું જ્ઞાન ન હોય તો પણ, વિધાનપૂર્વક **'શ્રદ્ધા સંવેગાદિ ભાવોલ્લાસપૂર્વક અને બે હાથ આદિ જોડવાપૂર્વક,'** મિથ્યાત્વમોહનીયાદી અશુભ કર્મના અત્યંત નિર્મૂલન માટે થાય છે, એમ નિષ્પન્ન યોગી એવા શ્રી જિન ગણધરાદિ પ્રશસ્ત સ્વભાવવાળા મહાત્મપુરુષોએ ફરમાવેલ છે.'

ભગવાન હરિભદ્રસૂરિ મહારાજનું ઉપરોક્ત નિરૂપણ ફરમાવે છે કે શ્રી પંચપરમેષ્ઠિનમસ્કારાદિ અનેક અક્ષરો નહિ કિન્તુ શ્રી જિનવચનાનુસારી 'યોગ' એવા બે અક્ષરનું શ્રવણ પણ અત્યંત પાપક્ષય માટે થાય છે. શરત એટલી જ કે તે વિધાનપૂર્વક હોવું જોઈએ. અને વિધાન એટલે શ્રદ્ધા સંવેગાદિ માનસિક ભાવ અને કરકુડ્મલયોજનાદિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શારીરિક વ્યાપાર. ઉપલક્ષણથી શુદ્ધ ઉચ્ચારણ આદિ વાચિક ક્રિયા. તથાપ્રકારના અવબોધ વિના કાયિક, વાચિક અને માનસિક શુદ્ધ ભાવોલ્લાસપૂર્વક શ્રી પંચપરમેષ્ઠિનમસ્કારાદિ અક્ષરોનું શ્રવણ પણ અતિ કિલષ્ટ પાપોના ક્ષયનું ઉચ્ચ કારણ માનેલું છે, તો પછી તથાપ્રકારના અવબોધ સહિત, શુદ્ધ અને સ્પષ્ટ શબ્દોચ્ચારપૂર્વક તેનું ઉચ્ચારણ અથવા મનન અને ચિન્તન અને નિદિધ્યાસનાદિ અત્યંત અશુભ કર્મોના ક્ષયનું મહાન કારણ બને, તેમાં પૂછવું જ શું ?

આજે પંચપરમેષ્ઠિનમસ્કાર ફળીભૂત ન થતો હોય કે તેનો પ્રભાવ પ્રતીતિગોચર ન બનતો હોય, તેમાં કારણ તેના અર્થનું અજ્ઞાન છે કે શ્રદ્ધા સંવેગાદિનો અભાવ છે ? એનો નિશ્ચય ઉપરોક્ત નિરૂપણમાંથી મળી આવે છે. તથાપ્રકારના ક્ષયોપશમના અભાવે અર્થનો અવગમ ઓછો વધતો હોઈ શકે છે, પરન્તુ તે તેટલો બાધક નથી જેટલો બાધક વિધાનનો અભાવ–શ્રદ્ધા સંવેગાદિ ભાવોલ્લાસનો અભાવ છે. ક્ષયોપશમના યોગે અર્થાવગમ અધિક પણ હોય, છતાં જો વિધાન પ્રત્યે બેદરકાર હોય, તો તે ફળપ્રાપ્તિથી બેનશીબ રહે છે. સામાન્ય અર્થબોધવાન્ પણ વિધાન પ્રત્યે કાળજીવાળો આત્મા પાપક્ષયાદિ ઉચ્ચ ફળોનો ભોક્તા બની શકે છે.

આજે નવકારને ગણનારા અર્થજ્ઞાનહીનપણે તેને ગણે છે, માટે તેના ફળથી વંચિત રહે છે, એમ કહેવા કરતાં શ્રદ્ધાસંવેગશૂન્યપણે તેને ગણે છે, માટે જ ફળથી વંચિત રહે છે, એમ કહેવું એ શાસ્ત્રદૃષ્ટિએ વધારે અનુકૂળ છે. શ્રદ્ધા 'तथेति प्रत्ययः' 'આ તેમ જ છે' એવો વિશ્વાસ અથવા 'આ જ પરમાર્થ છે' એવી બુદ્ધિ. અને સંવેગ 'मोक्षाभिलाषा' અથવા 'આ જ આરાધન કરવા યોગ્ય છે' એવું જ્ઞાન. ભાવોલ્લાસ માટે આ બન્નેનાં શ્રદ્ધા અને સંવેગની પરમ આવશ્યકતા છે. જ્યાંસુધી 'પંચપરમેષ્ઠિનમસ્ક્રિયા એ જ પરમાર્થ છે,' એવી બુદ્ધિ ન થાય અને દુઃખ અને તેના કારણભૂત પાપથી રહિત બનવા માટે એ જ એક પરમ સાધન છે, એવું આંતરિક જ્ઞાન ન થાય, ત્યાંસુધી—"અરિહંત એ બાર ગુણ સહિત છે અને સિદ્ધ એ આઠ ગુણ સહિત છે; આઠ પ્રાતિહાર્ય અને ચાર મૂલાતિશય મળીને બાર ગુણ ગણાય છે; અશોકવૃક્ષ, સુરપુષ્પવૃષ્ટિ ઇત્યાદિ આઠ પ્રતિહાર્યોનાં નામ છે; અપાયાપગમાતિશય, જ્ઞાનાતિશય ઇત્યાદિ ચાર મૂલ અતિશયો કહેવાય છે; આઠ કર્મના ક્ષયથી સિદ્ધપરમાત્માને આઠ ગુણો ઉત્પન્ન થાય છે; આઠ કર્મની ઉત્તર પ્રકૃતિઓ (૧૫૮), સત્તામાં (૧૪૮), બંધમાં (૧૨૦), ઉદયમાં (૧૨૨), ઉદીરણામાં (૧૨૨) હોય છે; બંધ, ઉદય, ઉદીરણા અને સત્તા એ ચારે પ્રકારે કર્મથી રહિત હોય તે સિદ્ધ કહેવાય છે" અગર આથી પણ પાંચ પરમેષ્ઠી અને તેમના ગુણો સંબંધી સૂક્ષ્માતિસૂક્ષ્મ જ્ઞાન ધરાવનાર આત્મા પણ જો તે પ્રત્યે શ્રદ્ધા અને સંવેગથી શૂન્ય છે તો ફળપ્રાપ્તિનો સર્વથા અનધિકારી છે. તથાપ્રકારના ક્ષયોપશમાદિ સામગ્રીના અભાવે "અરિહંત પરમાત્મા એ મોક્ષમાર્ગના ઉપદેશક છે; સિદ્ધપરમાત્મા એ મોક્ષને પ્રાપ્ત થયેલા છે; મોક્ષ એ અનંત સુખનું ધામ છે, જન્મમરણાદિ કે ભૂખતૃષાદિ પીડાઓનું ત્યાં નામનિશાન નથી; દુઃખનું સ્થાન ચાર ગતિરૂપ સંસાર છે; આધિ વ્યાધિ અને ઉપાધિથી તે ભરપૂર છે; જ્યાંસુધી એ સંસારપરિભ્રમણ માટે નહિ ત્યાંસુધી દુઃખનો અંત આવે નહિ; અરિહંત પરમાત્માઓએ કેવળજ્ઞાનથી તે જોયું છે; પોતે સ્વપુરુષાર્થથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કર્મરહિત બન્યા છે; બીજાઓને કર્મરહિત બનવાનો માર્ગ બતાવી ગયા છે; એ માર્ગે ચાલનાર પૂર્વે દુઃખરહિત બન્યા છે, આજે પણ દુઃખરહિત બને છે; અનંત સુખના ભોક્તા પણ તેઓ જ થયા છે અને થાય છે; એ માર્ગની શ્રદ્ધાના અભાવે જ જીવો ચારે ગતિમાં દુઃખ અનુભવી રહ્યા છે; દુઃખનાશ અને સુખપ્રાપ્તિનો પારમાર્થિક ઉપાય અરિહંતો જ સ્વયં જાણી શકે છે; બીજાઓ તેમના કહેવાથી જ જાણી શકે છે, અરિહંત કે સર્વજ્ઞ બન્યા સિવાય જેઓ સુખપ્રાપ્તિનો માર્ગ બતાવે છે તેઓ શ્રદ્ધેય નથી, તેવા અપૂર્ણ જ્ઞાનીના બતાવેલો માર્ગ ચાલવામાં અશ્રેય છે; સંપૂર્ણ જ્ઞાનીએ બતાવેલા માર્ગ ચાલવામાં જ શ્રેય છે; જ્ઞાનીએ બતાવેલા માર્ગ કષ્ટપૂર્ણ હોય તોપણ આદરણીય છે; અજ્ઞાની અગર અધુરા જ્ઞાનીઓએ બતાવેલો માર્ગ સુખાળો હોય તોપણ અનાદરણીય છે; સમસ્ત દુઃખનો જેમાં સદ્ધાકાળને માટે અંત છે એવા મોક્ષને મેળવવા માટેનો માર્ગ સુખાળો હોઇ શકે જ નહિ, અધિક કષ્ટથી બચવા માટે અલ્પ કષ્ટ એ કષ્ટ ગણાય જ નહિ; સંસારનાં ક્ષણિક સુખો પણ કષ્ટ વિના મળી શકતાં નથી તો મોક્ષના અનંત સુખો વિના કષ્ટે અગર ખાતાં પીતાં મળી જાય એમ માનવું એ બાલિશતા છે"—એટલું જેઓ જાણે છે, શ્રદ્ધા અને સંવેગ ભરપૂર વિચારો જેના અંતરમાં સ્થાન જમાવીને બેઠેલા છે તે આત્માઓ જ પંચપરમેષ્ઠિનમસ્કારક્રિયાના યથાર્થ ફળના ઉપભોક્તા બની શકે છે.

અર્થજ્ઞાન મળ્યા પછી શ્રદ્ધા સંવેગની શી જરૂર? એમ કહેનાર તત્ત્વને સમજ્યો જ નથી. અર્થજ્ઞાનની સાથે શ્રદ્ધા સંવેગ ઇત્યાદિ જ્યાંસુધી ન મળે ત્યાંસુધી તે ક્રિયા ભાવક્રિયા બની શકતી નથી. શાસ્ત્રકારોએ 'ભાવ'ને જ સર્વત્ર ફળદાયી માન્યો છે. 'ભાવ' ઉપયોગ સ્વરૂપ છે, ઉપયોગ વિનાની અર્થજ્ઞાન સહિત અને શુદ્ધ ક્રિયાને પણ શાસ્ત્રકારોએ દ્રવ્ય ક્રિયા કહેલી છે. 'अनुपयोगो द्रव्यमिति वचनात्।' 'अनुपयोग એ જ દ્રવ્ય છે,' એમ શાસ્ત્રોનું ફરમાન છે. ઉપયોગવાળાની અશુદ્ધ અગર અર્થજ્ઞાનહીન ક્રિયા પણ ભાવક્રિયાનું કારણ બની શકે છે. એથી વિપરીત ઉપયોગશૂન્યની શુદ્ધ અને અર્થજ્ઞાનવાળી ક્રિયા પણ ભાવક્રિયા કે તેનું સાક્ષાત્ કારણ બની શકતી નથી.

ઉપયોગની આટલી પ્રધાનતા જેમ ધર્મક્રિયામાં છે તેમ પ્રત્યેક સારી નરસી ક્રિયામાં છે. અનુપયોગે થયેલો અપરાધ સંસારમાં કે સરકારમાં પણ મુખ્ય અપરાધ ગણાતો નથી તેમ વિના ઉપયોગે થયેલું સારું કાર્ય પણ સંસારમાં સારું કે પ્રશંસનીય ગણાતું નથી. ઇતર દર્શનકારોએ પણ કહ્યું છે કે:—'मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः' 'મનુષ્યોનું મન એ જ બંધ અને મોક્ષનું કારણ છે.' મન જેમાં ભળતું નથી, એ ક્રિયા જેમ મોક્ષનો હેતુ થતી નથી, તેમ બન્ધનો હેતુ પણ થતી નથી.

મનશૂન્યપણે કે ઉપયોગશૂન્યપણે થતી પંચપરમેષ્ઠિનમસ્કારક્રિયા પણ, તેનું સારું અને યથાર્થ ફળ કેમ આપી શકે? એ ક્રિયાની સાથે મનને મેળવવા માટે અર્થજ્ઞાનની જેટલી જરૂર છે, તેથી કંઇ ગુણી અધિક જરૂર શ્રદ્ધા અને સંવેગની છે. શ્રદ્ધા અને સંવેગવાળા તથા પંચપરમેષ્ઠિનમસ્ક્રિયા પ્રત્યે ભક્તિ અને આદરવાળા પુણ્યવંત જીવો અત્યલ્પ અર્થજ્ઞાનને ધારણ કરવા છતાં તેનાથી જે ફાયદો આજે અગર કોઇ પણ કાળે ઉઠાવી શકે છે તે ફળ શ્રદ્ધા સંવેગ ભક્તિ અને આદરાદિથી શૂન્ય મોટા તત્ત્વવેત્તા અને પંડિતાગ્રણી તરીકે લેખાતાઓ પણ મેળવી શકે તેમ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પંચપરમેષ્ઠિનમસ્ક્રિયાનો પ્રભાવ એ રીતે અત્યંત ભારી હોવા છતાં પણ તેના ફળથી વંચિત રહી જવાનું મુખ્ય કારણ કોઈ હોય તો તે શ્રદ્ધાહીનતાદિ છે. શ્રદ્ધાહીન આત્માના હાથમાં આવેલો નવકારરૂપી ચિન્તામણિ નિષ્ફળ જાય અગર નુકસાન કરનારો થાય તો તેમાં દોષ નવકાર કે તેના પ્રભાવનો છે, એમ કેમ કહી શકાય ? અનધિકારી આત્માઓને સારી પણ ચીજ આપવાની પરોપકારરત સત્પુરુષો સ્પષ્ટ શબ્દોમાં ના પાડે છે. પરમોપકારી ભગવાન હરિભદ્રસૂરિ મહારાજ જ એક સ્થળે ફરમાવે છે કે:—

" નૈતદ્વિદસ્ત્વયોગ્યેભ્યો દદત્યેનં તથાપિ તુ। હરિભદ્ર ઇદં પ્રાહ, નૈતેભ્યે દેય આદરાત્ ॥ ૧ ॥ "

ઉત્તમ વસ્તુના માહાત્મ્યને જાણનારા સત્પુરુષો અયોગ્યને ઉત્તમ વસ્તુ આપતા જ નથી. તોપણ 'હરિભદ્ર' આદરપૂર્વક જણાવે છે કે—કૃપા કરીને ઉત્તમ વસ્તુ અયોગ્યને આપતા નહિ.

કારણ કે ઉત્તમ વસ્તુની કરેલી સ્વલ્પ પણ અવજ્ઞા મોટા અનર્થને માટે થાય છે. એ અનર્થથી બચવાને માટે જ મારું આ કથન છે. નહિ કે મને કોઇના પ્રત્યે માત્સર્ય છે. યોગ્ય અને અધિકારી આત્માઓને તો તે પ્રયત્ન પૂર્વક આપવી જોઇએ. પરન્તુ તેમાં પણ વિધિ જાળવવાની અત્યંત જરૂર છે. અયોગ્ય વિધિએ ગ્રહણ કરનાર યોગ્ય આત્માને ઉત્તમ વસ્તુ પણ એકાએક ફળીભૂત થતી નથી. નુકસાન કરનારી પણ થઇ પડે છે.

શ્રપંચમપરમેષ્ઠિનમસ્કારના સાચા અધિકારી શ્રદ્ધાસંવેગાદિ ગુણોથી વિભૂષિત પુરુષરત્નો છે, પછી તે સાધુ હો, સાધ્વી હો, શ્રાવક હો, શ્રાવિકા હો કે ભદ્રક પરિણામી મિથ્યાદૃષ્ટિ હો. ઉપધાનાદિ તપ કરવા પૂર્વક, શ્રી મહાનિશીથાદિ સૂત્રોના યોગોદ્વહન કરનાર સંયમી, શુદ્ધ ચારિત્રના ધણી અને શાસ્ત્રોક્ત વિધિ-વિધાન પ્રત્યે પરિપૂર્ણ આદર ધરાવનારા નિર્ગ્રન્થ મુનિરાજના મુખથી ગ્રહણ કરેલો નવકાર એ જ વિધિપૂર્વક ગ્રહણ કરેલો ગણાય છે.

એ રીતે વિધિ પૂર્વક અગર વિધિ પ્રત્યે સંપૂર્ણ આદર ધારણ કરી, અવસર મળ્યે એ વિધિને સત્યાપિત કરવાની ધારણા રાખી ગ્રહણ કરવાવાળો આત્મા, નવકારદ્વારા યથેષ્ટ ફળ ન મેળવી શકે એ બને જ નહિ.

આજના વિપત્કાળમાં મંગળ માટે, વિઘ્નવિનાશ માટે, ચારે બાજુ અને દશે દિશાઓથી મોઢું ફાડીને ઊભેલાં દુઃખરૂપી પિશાચોના મુખની અંદર ક્ષુદ્ર જન્તુની જેમ પીસાતાં બચી જવા માટે શું કોઇ પ્રબળ સાધનની જરૂર નથી ? પ્રત્યેક વ્યક્તિ માટે, સ્ત્રી-પુરુષ માટે, બાલક-બાલિકા સર્વને માટે એવા સાધનની અનિવાર્ય જરૂર છે. અને એવું પ્રબળ સાધન, અમોઘ સાધન, સર્વ ભયોની સામે આત્માને સુરક્ષિત બનાવનાર અને સર્વને એક સરખું ઉપયોગી થઇ પડે તેવું સાધન શ્રીપંચપરમેષ્ઠિનમસ્ક્રિયાથી ચઢીયાતું બીજું કયું છે ? હોય તો તેને અપનાવવાની જરૂર છે. ન હોય તો ધુમાડામાં બાચકા ભરવાની જરૂર નથી. મધ્ય દરિયામાં ડુબતી વેળા તણખલાને વળગે બચી શકાતું નથી,

દુઃખસાગરમાં ડુબતી દુનિયાને બચાવી લેવા અને સુરક્ષિત સ્થળે પહોંચાડી દેવ. શ્રી નવકાર સમાન બીજી કોઇ 'Life boat' જીવનનાવ નથી. નાવ પણ તેમાં બેસનારને જ બચાવે છે, બીજાને નહિ. તેમ નવકાર પણ તેના આરાધકને બચાવે, અનારાધક કે વિરાધકને ન બચાવે એમાં કોનો દોષ ? શ્રીનવકારનો નહિ જ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રવચન-પ્રશ્નમાલા

પ્રયોજક–પૂ. આચાર્ય મહારાજ શ્રી વિજયપદ્મસૂરિજી

(ક્રમાંક ૮૪ થી ચાલુ)

૮૭ પ્રશ્ન—ચૌદ વિદ્યાનાં નામ કયાં કયાં ?

ઉત્તર—૧ શિક્ષા, ૨ કલ્પ, ૩ વ્યાકરણ, ૪ છંદ, ૫ જ્યોતિઃશાસ્ત્ર, ૬ નિરૂકિત, ૭ ઋગ્વેદ, ૮ યજુર્વેદ, ૯ સામવેદ, ૧૦ અથર્વવેદ, ૧૧ મીમાંસા, ૧૨ આન્વીક્ષિકી, ૧૩ ધર્મશાસ્ત્ર, ૧૪ પુરાણ. શ્રી ઇંદ્રભૂતિ વગેરે બ્રાહ્મણો એ ચૌદે વિદ્યાના જાણકાર હતા, છતાં એ જ્ઞાન સમ્યકત્વ વિનાનું હોવાથી સમ્યગ્ જ્ઞાન ન કહેવાય. શ્રી આર્ય રક્ષિત-સૂરિજી મહારાજ પણ ચૌદ વિદ્યાના પારગામી હતા. એમ પરિશિષ્ટપર્વમાં શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજે જણાવ્યું છે. ચૌદ વિદ્યાનાં નામ અભિધાનચિંતામણિમાં જણાવ્યાં છે. ૮૭.

૮૮ પ્રશ્ન—બીજા ગ્રંથોમાં ૧૮ વિદ્યાઓ જણાવી છે. તે કઈ કઇ સમજવી ?

ઉત્તર—ઉપરના ૮૭મા પ્રશ્નના ઉત્તરમાં ૧૪ વિદ્યાઓ જણાવી છે તેમાં ચાર ઉપવેદનાં નામ આ પ્રમાણે જાણવાં–૧ આયુર્વેદ, ૨ ધનુર્વેદ, ૩ ગાંધર્વ, ૪ અર્થશાસ્ત્ર. આ સિવાના વિષ્ણુપુરાણાદિમાં વિસ્તારથી જણાવી છે. ૮૮.

૮૯. પ્રશ્ન—ચૌદ વિદ્યામાં પહેલી વિદ્યાનું નામ શિક્ષા જણાવ્યું છે,તો શિક્ષા એટલે શું ?

ઉત્તર—જે ગ્રંથ અક્ષરોના આમ્નાય (પરંપરા) ને જણાવે તે શિક્ષા કહેવાય. ૮૯

૯૦ પ્રશ્ન—કલ્પ એટલે શું ?

ઉત્તર—જે ગ્રંથ યજ્ઞાદિના વિધિને જણાવે તે કલ્પ કહેવાય. ૯૦

૯૧ પ્રશ્ન—વ્યાકરણ એટલે શું ?

ઉત્તર—જે શબ્દોના સ્વરૂપને જણાવે તે વ્યાકરણ કહેવાય. આનું બીજું નામ 'શબ્દશાસ્ત્ર' કહેવાય છે. ભાષાશુદ્ધિને માટે અને સંસ્કૃત ગદ્ય પદ્ય ગ્રંથોના રહસ્યને જાણવાને માટે વ્યાકરણશાસ્ત્રનો અભ્યાસાદિ દ્વારા જરૂર પરિચય કરવો જોઇએ. વ્યાકરણના જ્ઞાનથી બીજા મહાવ્રતના રક્ષણનો પણ લાભ મળે છે. શ્રી. અનુયોગ દ્વારમૂલ સૂત્રમાં પણ તદ્ધિત, સમાસાદિનું સ્વરૂપ બતાવ્યું છે. તે રીતે પ્રશ્નવ્યાકરણ નામના દશમા અંગમાં પણ કહ્યું છે કે, વ્યાકરણનું જ્ઞાન સંયમની સાધનામાં અપૂર્વ મદદગાર છે. ૯૧

૯૨ પ્રશ્ન—છંદ એટલે શું ?

ઉત્તર—જે ગ્રંથ પદ્યરચનાનું સ્વરૂપ જણાવે તે છંદોગ્રંથ કહેવાય. ૯૨

૯૩ પ્રશ્ન—જ્યોતિઃશાસ્ત્ર એટલે શું ?

ઉત્તર—જે ગ્રંથ ગ્રહાદિના સ્વરૂપાદિને જણાવે તે જ્યોતિઃશાસ્ત્ર કહેવાય. ૯૩

૯૪. પ્રશ્ન—નિરૂક્તિ એટલે શું ?

ઉત્તર—જે ગ્રંથ વર્ણાગમાદિ સ્વરૂપે શબ્દનું વર્ણન કરે તે નિરૂક્તિ કહેવાય. આ રીતે વેદનાં શિક્ષાદિ ૬ અંગોની વ્યાખ્યા સંક્ષેપમાં જણાવી દીધી. ૯૪.

૯૫. પ્રશ્ન—મીમાંસા એટલે શું ?

ઉત્તર—મીમાંસાશાસ્ત્રના બે ભેદ છે, તે આ પ્રમાણે જાણવા : ૧ પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસા. પૂર્વ મીમાંસા. કર્મકાંડની સિવાના જણાવી છે, ને ઉત્તર મીમાંસામાં બ્રહ્મ-સ્વરૂપનું વર્ણન કર્યું છે. ૯૫.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૯૬. **પ્રશ્ન**—આન્વીક્ષિકી એટલે શું ?

ઉત્તર—શ્રીગૌતમઋષિ વગેરેએ બનાવેલા, તર્કના સ્વરૂપને જણાવનારા ન્યાય શાસ્ત્રોનો સમુદાય તે આન્વીક્ષિકી કહેવાય. ૯૬.

૯૭. **પ્રશ્ન**—૧૪ વિદ્યામાં ધર્મશાસ્ત્ર ગણાવ્યું છે. ધર્મશાસ્ત્ર એટલે શું ?

ઉત્તર—ધર્મશાસ્ત્ર એટલે મનુઋષિ વગેરેએ બનાવેલ જે સ્મૃતિશાસ્ત્ર. ૯૭

૯૮. **પ્રશ્ન**— અઢાર પુરાણનાં નામ કયાં કયાં ?

ઉત્તર—૧ બ્રહ્મપુરાણ, ૨ પદ્મપુરાણ, ૩ વિષ્ણુપુરાણ, ૪, વાયુપુરાણ, ૫ ભાગવત પુરાણ, ૬ નારદપુરાણ, ૭ માર્કંડેયપુરાણ, ૮ આગ્નેયપુરાણ, ૯ ભવિષ્યપુરાણ, ૧૦ બ્રહ્મવિવર્ત્તપુરાણ, ૧૧ લિંગપુરાણ, ૧૨ વરાહપુરાણ, ૧૩ સ્કંદપુરાણ, ૧૪ વામનપુરાણ, ૧૫ મત્સ્યપુરાણ, ૧૬ કૂર્મપુરાણ, ૧૭ ગરુડપુરાણ અને ૧૮ બ્રહ્માંડપુરાણ. આ રીતે ૧૮ પુરાણનાં નામો **શ્રીકલ્પસૂત્ર**ની દીપિકામાં જણાવ્યાં છે. ૯૮.

૯૯ **પ્રશ્ન**-કયાં કયાં કારણોથી રોગની ઉત્પત્તિ થાય છે?

ઉત્તર-નવ કારણોથી રોગની ઉત્પત્તિ થાય છે તે આ પ્રમાણે જાણવાં : ૧ એક આસને ઘણીવાર બેસી રહેવાથી અથવા હદ ઉપરાંત આહાર કરવાથી રોગ થાય. ૨ પોતાની પ્રકૃતિને પ્રતિકૂલ વિષમ આસને બેસતાં અથવા અહિતકારી આહારાદિ કરતાં અથવા અજીર્ણ છતાં ભોજન કરવાથી રોગ થાય. ૩ ઘણો ટાઇમ નિદ્રા લેતાં રોગ થાય. ૪ ઘણું જાગવાથી રોગ થાય. ૫ કફલા (મલ) ની બાધા રોકતાં રોગ થાય. ૬ પેશાબની બાધા રોકતાં રોગ થાય. ૭ ગજા ઉપરાંત ચાલતાં અથવા બહુ જ વેગમાં ચાલતાં રોગ થાય. ૮ ટાઇમે-કટાઇમે ભોજન કરવાથી અથવા પ્રકૃતિ વિરુદ્ધ ભોજન કરતાં રોગ થાય. અને ૯ ઇંદ્રિયોના પ્રકોપને લઇને રોગ થાય એટલે શબ્દાદિ ભોગનાં સાધનોની સેવના કરવાથી અથવા વિશેષ ભોગતૃષ્ણાને લઇને શરીરમાં ભયંકર ક્ષય વગેરે રોગ પ્રકટે છે. આ રીતે નવ કારણોથી રોગની ઉત્પત્તિ થાય છે એમ સમજીને ધર્માનુરાગિ ભવ્ય જીવોએ તે નવ કારણોથી અલગ રહીને પરમ ઉલ્લાસથી શ્રીજિનધર્મની સાત્ત્વિકી આરાધના કરીને માનવ-જન્મ સફલ કરવો. વિશેષ બિના—શ્રી સ્થાનાંગસૂત્રવૃત્તિ, શ્રાવકધર્મજાગરિકાદિમાં જણાવી છે.

૧૦૦-**પ્રશ્ન**-મૂત્રની અને ઝાડાની બાધા ઘણો ટાઇમ રોકતાં કયો રોગ થાય ?

ઉત્તર-મૂત્રને ઘણો ટાઇમ રોકતાં આંખમાં દરદ ને ઝાડાની બાધા રોકતાં અચાનક મરણ વગેરે રોગ થાય. વિશેષ બિના શ્રીઓઘનિર્યુક્તિમાં જણાવી છે. ૧૦૦.

૧૦૧ **પ્રશ્ન**-બીજા વૈદ્યકના ગ્રંથોમાં રોગોનાં ૬ કારણો કહ્યાં છે, તે કયાં કયાં ?

ઉત્તર-૧ ઘણું પાણી પીવું. ૨ વિષમ એટલે ખાડા-ખડિયાવાળી જગ્યાએ સૂવું, બેસવું વગેરે કરવું અથવા પ્રકૃતિને બગાડે તેવો આહાર કરવો. અહીં રાજસી આહાર તથા તામસી આહાર પણ ગ્રહણ કરવો. ૩ દિવસે વિના કારણે વધારે ઊંઘવું. ૪ રાતે વિનાં કારણે વધારે જાગવું. ૫ પેશાબની બાધા રોકવી. ૬ ઝાડાની બાધા રોકવી. ૧૦૧.

૧૦૨ **પ્રશ્ન**—વૈદ્યકશાસ્ત્રોમાં વૈદ્યના ૧૫ ગુણો કહ્યા છે, તે કયા કયા ?

ઉત્તર— ૧. કાલ એટલે અવસરને પારખવો. ૨ મીઠી વાણી. ૩ સ્વભાવમાં શાંતિ ૪ બહારથી શરીરાદિમાં ચોખ્ખાશ, ને અંદરથી પવિત્ર એટલે જેનું દિલ ચોખ્ખું હોય. ૫. વૈદ્યકશાસ્ત્રનો અભ્યાસ સહિત અનુભવ. ૬ ધૈર્ય. ૭ ધર્મપરાયણતા. ૮ રોગનું નિદાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરવામાં (મૂલ કારણ શોધવામાં) હૂંશિયારી. ૯ રોગનો પ્રયોગ (ચાલુ સ્થિતિ) પારખવામાં કુશલપણું. ૧૦ સંતોષ. ૧૧ દયા. ૧૨ મરણ પથારીએ સૂતેલા દરદીને આશ્વાસન આપવું. ૧૩ દરદીના મરણ સમયને જાણવો. ૧૪ સત્યવચનાદિ ગુણોને ધારણ કરવા. ૧૫ રોગની દવા નક્કી કરીને રોગનો ઇલાજ કરવામાં સાવધાની. આ પંદર ગુણોને ધારણ કરનાર વૈદ્ય ઉત્તમ ગણાય છે. બીજા કેટલાએક ગ્રંથોમાં ટૂંકામાં પાંચ ગુણો પણ જણાવ્યા છે તે આ પ્રમાણે–૧ આયુર્વેદનો અભ્યાસ. ૨ રોગના નિદાનાદિનું જ્ઞાન. ૩ જેને દેખતાં પ્રેમ ઉપજે. ૪ ધાર્મિક દૃષ્ટિએ અને વ્યાવહારિક દૃષ્ટિએ લાભ તરફ લક્ષ્ય રાખવું, એટલે દવા કરતાં કોઇ ઠેકાણે અર્થની પ્રાપ્તિ, કોઇક ઠેકાણે યશઃકીર્તિનો લાભ, કોઇક ઠેકાણે ધર્મની પ્રાપ્તિ એટલે દરદીની સ્થિતિ જાઇને ફી વગેરે લેવી–આ હકીકતને જાણવી. ૫ બહારથી અને અંદરથી પ્રસન્નતા. જે આ પાંચ ગુણોને ધારણ કરે તે વૈદ્ય કહેવાય. ઉત્તમ વૈદ્યોએ ૧ ખરાબ પોશાક, ૨ કઠોર પ્રકૃતિ (સ્વભાવ), ૩ અભિમાન, ૪ જ્યાં ધન મળે ત્યાં જવાનો સ્વભાવ, ૫ બોલાવ્યા વિના દરદીના ઘેર જવું–આ પાંચ દોષોનો ત્યાગ કરવો જોઇએ. વૈદ્યકનો ધંધો મુનિવરો ન જ કરી શકે, પણ સાધુ સમુદાયના રક્ષણાદિ તરફ લક્ષ્ય રાખીને પરમ ગીતાર્થ શ્રી આચાર્યાદિ મહાપુરુષોએ આયુર્વેદના અનુભવી જરૂર થવું જોઇએ. આવા આવા અનેક મુદ્દાઓને લક્ષ્યમાં લઇને પૂજ્ય શ્રી ગણધર દેવોએ 'બારમા પ્રાણાવાય' નામના પૂર્વમાં આયુર્વેદ (ચિકિત્સાપ્રક્રિયા)ની સંપૂર્ણ અને સ્પષ્ટ બિના જણાવી હતી. તેમજ શ્રી સ્થાનાંગસૂત્રના નવમા અધ્યયન વગેરે શાસ્ત્રોમાં રોગનાં નવ કારણો વગેરે બિના જણાવી છે. પૂજ્ય શ્રી સિદ્ધર્ષિગણિ મહારાજાએ પણ શ્રી ઉપમિતિભવપ્રપંચા કથામાં વૈદ્યકની ટૂંક બિના જણાવી છે. દ્રવ્ય વૈદ્ય અથવા દ્રવ્ય વૈદ્યકનો અનુભવ આ ભવમાં થોડા અંશે ધર્મારાધનાદિમાં મદદગાર હોઇ શકે, પણ ભવોભવમાં અપૂર્વ સુખને દેનાર તથા જન્માદિની ઉપાધિને તો ટાલવાને સમર્થ ભાવવૈદ્ય અને ભાવવૈદ્યકનો અનુભવ છે. ૧૦૨. (ચાલુ)

"अरिहन्त–चैत्य" शब्दका अर्थ

[एक विचारणा]

लेखक

पू. आ. म. श्री. विजयमलब्धिसूरीश्वरजीशिष्य

पूज्य मुनिमहाराज श्री. विक्रमविजयजी

"स्थानकवासी जैन" पत्रके ता. १९–१०–४१ के लेखमें प्रत्यालोचक सैलाना निवासी रतनलाल डोसी लिखते हैं कि–"ठाणाङ्ग वृत्ति तथा बृहत्-कल्पभाष्यके स्पष्ट प्रमाण आंखें खोलकर पुनः देख लें" इत्यादि। इस विषयमें जानना चाहिए कि बृहत्कल्प में भी 'चैत्य' शब्दका अर्थ 'अर्हद्प्रतिमायां देवबिम्बे' इस प्रकार किया गया है और स्थानांगमें

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

भी टीकाकारोंने 'चैत्य' शब्दका अर्थ 'साधु' किया ही नहीं है। जहां "कल्लाणं मंगलं चेइयं" इत्यादि वाक्य उपलब्ध है वहां पर भी चैत्य शब्दका साधु अर्थ नहीं है, क्योंकि इसी वाक्यमें पृथक् श्रमणपद गृहीत है, इसलिये चैत्य शब्दका अर्थ साधु करे तो पौनरुक्त्य दोष आ जायगा। मालुम पडता है ऐसी अपार्थ कल्पनासे ही सद्वस्तुमें भी मूर्तिविरोधियोंकी बुद्धि मलिन हो जाती है। वहां तो चैत्य शब्द प्रतिमावाची ही है। साधुको सर्वकल्याणस्वरूप सर्वमंगलस्वरूप सर्वसेव्य भगवत्मूर्ति स्वरूपसे वर्णन किया गया है। बौद्धोंके यहां कुछ भी हो परन्तु अमरसिंह बौद्ध है और उसने अमरकोषमें चैत्य शब्दका अर्थ कहते हुए चैत्यमायतनं तुल्ये ऐसा बतलाया है और ज्ञानके पर्यायोंको बतलाते हुए चैत्य शब्दका उपादान नहीं किया है। अगर उनको चैत्य शब्दसे बुद्धि अभिप्रेत होती तो पर्याय रूपसे जरूर रखते। ऐसे ही मुनिके पर्यायोंमें भी चैत्य शब्द नहीं है।

[पृ. २३] यक्षको चैत्य न कहा और [प. पृ. ३३] गौणतासे भले ही यक्षके चैत्य भी लिये जाय तो कोई हरकत नहीं। इन दो वाक्योंमें मन्दबुद्धिकी दृष्टिमें वदतोव्याघात दोष दिखलाई देता है, न कि चतुरबुद्धिवालेको। 'उपचारसे 'चैत्य' शब्दसे 'यक्ष' कहा जाता है' ऐसा अगर सूरिजीका अभिप्राय हो तब वदतोव्याघात हो सके परन्तु पूर्व वाक्य यक्षाश्रित है उत्तर वाक्य यक्षायतनसंभवाश्रित है तो किसी प्रकारसे वदतोव्याघात है ही नही, और हमारे टीकाकारने भी चैत्यं संज्ञाशब्दत्वात देवताप्रतिबिम्बे प्रसिद्धं ततः तदाश्रयभूतं यद् देवताया गृहं तदप्युपचारात् चैत्यं तच्च इह व्यंतरायतनं द्रष्टव्यं इत्यादि रूपसे यक्षायतनको उपचारसे ही चैत्य कहा है।

"अन्यतीर्थिकपरिगृहीतअरिहंतचैत्यानि" ऐसी पंक्ति है। इस पंक्तिका अर्थ—"जैनत्वसे भ्रष्ट होकर अजैन बन जाना। अन्य तीर्थके सिद्धान्तको अपना लेना"—यह मुख्य अर्थ है ऐसा प्रत्यालोचक लिखते हैं। वे शब्दार्थसे अनभिज्ञ हैं अतः मुख्य अर्थकी उपेक्षा कर अर्थात्लब्ध अर्थको मुख्य बनाते हैं। अन्यतीर्थिकेन परिगृहीतानि-अन्यतीर्थिकपरिगृहीतानि, इसके सिवा दूसरा कोई समास नहीं हो सकता है, तो अन्यतीर्थिक है कर्ता, कर्म है चैत्यानि, तो 'अन्यतीर्थिकसे परिगृहीत अर्हद्चैत्य' ही शब्दार्थ होता है। असतिबाधके इस अर्थको छोडकर अन्य अर्थकी स्वकपोलकल्पना स्वमुखप्रेक्षि जनोंके लिये ही मान्य हो सकती है, न कि शास्त्रमर्यादावेत्ताओंके लिये। एवं च अर्थ तो इसका "अन्यतीर्थिकपरिगृहीतत्वोपलक्षितार्हद्चैत्य" अथवा "अन्यतीर्थिकपरिगृहीत अर्हद् चैत्यत्वविशिष्ट व्यक्ति" अथवा "अन्यतीर्थिकपरिगृहीतार्हद्चैत्यत्वोपलक्षित व्यक्ति" किंवा "अन्य तीर्थिकपरिगृहीतत्वविशिष्टार्हद् चैत्य' इस प्रकार लब्ध अर्थको आर्थिक कह सकते हैं। इन चार अर्थोंमें दो अप्रसिद्ध हैं, एक वंदनीय है और एक निषेधनीय है। निषेधनीय

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

पक्ष ही सूरिप्रोक्त है, तुम्हारा अर्थ कपोलकल्पित ही है। अर्थापत्तिको पूर्व लेखमें दोषरूपसे तुमने कहा है। उस अर्थापत्तिके सिवा तुम्हारा मुख्य अर्थ उक्त शब्दोंसे किसी प्रकार नहीं निकल सकता, अतः तुम्हारा लेख मूल बिना की शाखा जैसा है और सूरिजीने अन्ययूथिकपरिगृहीतका अर्थ अन्य तीर्थि द्वारा पकडा जाना लिखा है वह बराबर है। अमोलख ऋषिने भी उपा० पृ० २९ में "अन्य तीर्थियोंने (से) ग्रहण किये जैनके साधु" ही लिखा है, इसलिये पू० गुरुदेवका अर्थ, जैसा तुम्हारी समाज करती आई है ऐसा हो है, केवल "जैन साधु" इस अंशमें भेद है। "जैनत्वसे भ्रष्ट होकर अजैन बन जाना" ऐसा मुख्य अर्थ करना बिलकुल व्याकरणकी अनभिज्ञताको बतलाता है। यहां पर 'परिगृहीत' शब्दका प्रयोग है इसलिये 'अन्य तीर्थिकोंसे ग्रहण किया गया' यही अर्थ हो सकता है। अन्य तीर्थिकपरिगृहीत अरिहंत चैत्यके वंदन और नमनके निषेधसे मिश्रित और सम्यग्दृष्टि परिगृहीत अरिहंत चैत्यके वंदनादिकी विधि स्पष्ट होती है। यहां चैत्य शब्दका अर्थ ज्ञान या साधु नहीं बन सकता है। यदि ज्ञान अर्थ हो तो अरिहंत चैत्य शब्दसे अर्हद् ज्ञानका लाभ होता है, उसका वंदन और नमन असंभव है और उस ज्ञानका अन्य तीर्थिकोंसे परिग्रहण नहीं हो सकता है। परिग्रहण मूर्त पदार्थ साध्य है अन्यथा जिस तरह अन्य तीर्थिकोंका वंदन आदिका निषेध किया है ऐसे ही अन्य तीर्थिकज्ञानादिका निषेध भी करते। एवं साधु अर्थ भी चैत्य शब्दका नहीं बन सकता है ! ज्ञानकी मुआफिक वह भी अन्य तीर्थिकोंसे परिगृहीत नहीं हो सकता है। यदि हो भी जाय तो जब तक अपनी साधुतामें स्थिर रहें तब तक स्वतीर्थिक ही है तो अवन्दनीय न होगा। यदि साधुतासे भ्रष्ट है तो अन्यतीर्थिक हो गया, इससे उनका संग्रह अन्यतीर्थिक पदसे हो जाता है। और साधुपर्यायमें चैत्य शब्दका कहीं पर भी आमतौरसे व्यवहार नहीं होनेसे चैत्य शब्दका अर्थ साधु नहीं हो सकता है, किन्तु प्रतिमा ही है। अन्य प्रतिमाओंका वारण करनेके लिये अरिहन्त पद दिया गया है और चैत्यपदका अर्थ यदि साधु किया जाय तो केवल 'चैत्यानि' ही बोलना चाहिये और अरिहन्त पद निरर्थक हो जाता है। "अन्य तीर्थिक साधुका ग्रहण न हो इस लिये अरिहंत पद सार्थक है" ऐसा कहना अनुचित है, क्योंकि शास्त्रदृष्ट्या वह चैत्य शब्दका वाच्य नहीं होगा। जहां कहीं शास्त्रमें अन्य-तीर्थिक साधुका ग्रहण करना पडा वहां पर शास्त्रकार श्रमण शब्दसे बोले हैं न कि चैत्यशब्द से। इससे भी चैत्य शब्दसे अन्य तीर्थिक साधुका बोध नहीं कर सकते हैं। तथा च अरिहंत पद निरर्थक ही रहेगा, किं च वह साधु आर्हत दृष्टिसे असाधु होनेसे अन्य तीर्थिक शब्दसे ही आ जाने पर तद्-व्यावृत्तिके लिये भी अर्हन्त पद नहीं हो सकता है। अतः अरिहंतचैत्यानि पद घटित चैत्य शब्दका किसी तरहसे साधु अर्थ नहीं हो सकता है, किन्तु प्रतिमा अथवा अर्हदायतन ही होगा। (क्रमशः)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જૈનધર્મી વીરોનાં પરાક્રમ

શ્રી લેખક:—**શ્રીયુત મોહનલાલ દીપચંદ ચોકસી**

(ગતાંકથી ચાલુ)

બચ્છાવતોની ચડતી–પડતી: મંત્રી કરમચંદ (૫)

રાયસિંહના મૃત્યુ પછી બીકાનેરની ગાદી પર દલપતસિંહ આવ્યો. પણ એનો રાજ્યકાળ લગભગ બે વર્ષ સુધી જ ચાલ્યો. રાજ ખટપટના આંદોલનો ચાલુ રહ્યાં અને સન ૧૬૧૩માં સુરસિંગ રાજગાદી પર ચઢી બેઠો. મરણકાળે પિતાએ જે અભિલાષા અણપૂરી બતાવી હતી એ એના મનમાં રમતી જ હતી, એ માટે કેવળ તક મળે એટલી જ ઢીલ હતી. લાગ મળતાં જ ઘોડો દબાવે એવી તૈયારી અંદર ખાનેથી ચાલુ હતી. રાજા તરીકે જાહેર થયા પછી એ સૌ પ્રથમ દિલ્હી ગયો. એ પાછળ તેના મનમાં 'એક કાંકરે બે પક્ષી મારવા'નો ઇરાદો હતો. એક તો બાદશાહને નવા રાજવી તરીકે સલામી ભરવાનો અને બીજો બચ્છાવતના વારસોને સમજાવી બીકાનેરમાં પાછા લાવવાનો. આ વેળા કાળે યારી આપી અને સુરસિંહ પોતાના ઇરાદામાં ફાવ્યો. 'વિધિની ગતિ ન્યારી છે' એ નીતિકારનું કથન અનુભવસિદ્ધ છે. 'દગલબાજ દુના નમે' એ ઉક્તિ અનુસાર રાજા પોતાનું પ્રથમ કાર્ય પતાવી બચ્છાવતના રહેઠાણે પહોંચ્યો. 'मधु तिष्ठति जिह्वाग्रे हृदये तु हलाहलम्' જેવી વૃત્તિ ધારણ કરી એણે ભાગચંદ અને લક્ષ્મીચંદ સમક્ષ એક ચુનંદા બાજીગર તરીકે એવો તો ભાવ ભજવ્યો કે, ભોળું માછલું જાળમાં ફસાય તેમ, તે ઉભય રાજાના આવા વર્તનથી મોહાઇ ગયા અને મરણપથારી પરથી પિતાએ આપેલ શિક્ષા વિસરી ગયા. ઉભય બંધુઓને પોતાની શેતરંજના પ્યાદા બનતા જોઇ, સુરસિંગ મનમાં મલકાવા લાગ્યો અને તેઓએ જે જાતનાં વચન માંગ્યાં તે આપવામાં પાછી પાની ન કરી. એ ઉભયના દિલમાં વસવસાનું ટીપું પણ રહેવા ન પામે તેવી દરેક ખાતરી આપી, પોતાની સાથે બીકાનેર પાછા ફરવાનું ચોકઠું ગોઠવી દીધું.

આ ઉપરથી જ ભવિતવ્યતાનું બળવાનપણું પુરવાર થાય છે. તેમ ન હોય તો કરમચંદ્ર મંત્રીની સૂચના આટલી જલદી ભૂલી જવાત ખરી ?

પોતાના વંશનો માન મર્તબો પૂર્વવત્ જળવાશે એવા ભરોસાથી લોભાયેલા અને પ્રધાન તરીકેનો અધિકાર પહેલાંની માફક પોતાના હાથમાં સોંપવામાં આવશે એવા ઉજ્જવળ ભાવિથી આકર્ષાયેલા ઉભય બંધુઓ પોતાના વિશાળ કુટુંબને અને સર્વ અસબાબને લઇ માતૃભૂમિના પંથે વળ્યા. એ વેળા તેમને જેમ પોતાના માદરેવતનને વર્ષો પછી નિરખવાના કોડ હતા તેમ વંશની પ્રતિષ્ઠા જાળવી માનપુરસ્સર પુનઃ ઠરીઠામ થવાની કોડી અભિલાષા હતી. લાંબા કાળના પરદેશ વસવાટનો આ રીતે અંત આવવાથી તેમનો આનંદ સમાતો ન હોતો. પોતાના સ્નેહીજન વચ્ચે પાછા ફરવાથી થનારા આનંદનાં તેઓ સોણલા સેવી રહ્યાં હતાં. તેઓના હૃદયમાં આ રીતે પોતાના તરફ સ્નેહભાવ દર્શાવનાર અને પોતાનું ભલું કરનાર રાજવી પ્રતિ આભારની લાગણીઓ સાગરના મોજા સમી ઉછળી રહી હતી ! અનુભવીઓનું એ વચન સાચું જ છે કે 'બિલાડી દૂધને દેખે છે, પાછળ ઊભેલા માનવીના હાથમાં રહેલી ડાંગને દેખી શકતી નથી.'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાજ્યખટપટના વાયરા જેમણે જોયા નથી, દેશી રાજવીઓના પલટાતા સ્વભાવોની જેમને પરીક્ષા નથી એવા આ ભોળા ભલા નવયુવાનોને સ્વપ્ને પણ એવો ખ્યાલ ક્યાંથી હોય કે તેમની સાથે આ રીતે ઈરાદા પૂર્વક પ્રપંચ રમાઈ રહ્યો છે! અલ્પ કાળમાં જ અપાયેલા વચનોની કિંમત કોડીની છે! અને રાજવીના હાવભાવ એકાદ કુશળ નટના વેશબદલામાં પરિણમવાના છે! તેઓ સ્વદેશમાં સુખ ભોગવવા સારુ કે વીસરાયેલ સ્નેહ-બીજને જળસિંચન કરવા સારુ પાછા નથી ફરતાં પણ કેવળ યમરાજનું ભક્ષ્ય બનવા સારુ પાછા ફરે છે એવી શંકા પણ તેમને ક્યાંથી જન્મે? સુરસિંગે જાળ બિછાવવામાં સંપૂર્ણપણે ચતુરાઇ વાપરી હતી. પોતાનો મલિન હેતુ જરા પણ પ્રગટ થવા દીધો ન હતો. પ્રથમ પગલું એણે પોતાના ચાલુ દિવાનને હોદ્દા પરથી ખસેડવાનું ભર્યું અને પછી એ અધિકાર બચ્છાવતના વંશજને સોંપવાની જાહેરાત કરી. આમ બીકાનેર વાસી જનતાના અંતરમાં પોતાના શુદ્ધ આશયની સુંદર છાપ બેસાડી.

દરમિયાન ભાગચંદ અને લક્ષ્મીચંદ પોતાના રસાલા સાથે માતૃભૂમિની ભાગોળે આવી પહોંચ્યા. રાજવી તરફથી તેમના દરજ્જાને છાજે તેવું સ્વાગત કરવામાં આવ્યું. જનસમૂહમાં એની સચોટ છાપ બેઠી. કરમચંદ મંત્રીના સમયમાં બનેલ બનાવ આ રીતે વિસ્મૃતિનો વિષય બન્યો. માત્ર જનતા જ નહિ પણ ખુદ મંત્રીશ્વરના વારસોને ઘડીભર લાગ્યું કે પિતાશ્રીની દહ અસ્થાને હતી.

પણ એમનો આ ભ્રમ ઉઘાડો પડતાં વિલંબ ન થયો. ગમે તેટલો દેખાવ કરવા છતાં કિન્નાખોરી છુપી રહી શકતી નથી. સુવર્ણ અને પિત્તળ વચ્ચે ભલે વર્ણની સમાનતા હોય, છતાં જ્યાં કસોટીએ ચઢાવાય કે તરત જ ઉભય વચ્ચે રહેલી ભિન્નતા ખુલ્લી પડે છે.

સાણસામાં સાપ પકડાયો છે અને હવે છટકવાની એક પણ બારી ઉઘાડી નથી રહી એ જોતાં જ બીકાનેર નરેશે પોત પ્રકાશ્યું. અને પિતાને આપેલ કોલ પૂર્ણ કરવા કમર કસી. માંડ બે મહિના સુખમાં વ્યતીત થયા ત્યાં તો એક સવારે ઊઠતાં જ બચ્છાવત વંશના આ અંતિમ વારસોને ખબર પડી કે રાજાના મીઠા વચનની આકર્ષાઇ, મૃત્યુપથારી એથી ભાર મૂકી કહાડેલ પિતાના જે અંતિમ ઉદ્‌ગાર પ્રતિ દુર્લક્ષ્ય દાખવ્યું હતું, તે સાચા પડતા હતા. એટલે કે એ રાજાના ત્રણ હજાર સૈનિકોથી પોતાનો આવાસ ઘેરાયેલો દૃષ્ટિગોચર થયો. ટાંક મહાશયના શબ્દોમાં કહીએ તો—

Now truth dawned on them in all its terrible reality. They instinctively realised the situation and preferred a glorius death to an ignominious surrender.

આ જોતાં જ તેમની આંખ પરના પડદા હઠી ગયા, પિતાશ્રીની દીર્ઘ દૃષ્ટિનો ખ્યાલ આવ્યો. પણ આગ લાગી ચૂકી હતી એટલે હવે કૂવો ખોદવાનો યત્ન નિરર્થક હતો. દૂધ ઢોળાઇ ગયા પછી એ પર વિચારણા કરવી જેમ નકામી ગણાય તેમ થયેલ ભૂલ પર હવે વિમર્શ–પરામર્શ કરવા બેસવું એ ફોગટ હતું. કાળા ને ડંસીલા નાગની ચૂડમાં તેઓ બરાબર ફસાઇ ગયા હતા. તરત જ તેઓએ નિર્ધાર કરી લીધો અને વીરોના મોતે મરવાનો આંપડેલ યોગ વધાવી લીધો. પોતાના રાજપૂત અંગરક્ષકોના નાના સમૂહને લઇ તેઓ સામનો કરવા ખડા થયા. જો કે સંખ્યામાં તો કેવળ પાંચસો જ હતા છતાં દરેકના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચહેરા ઉપર મરણીયો જંગ ખેલવાની અને એ રીતે ખપી જવાની અડગવૃત્તિ ઝળકી રહી હતી. બચ્છાવત બંધુઓ અને તેમના અંગરક્ષકો રાજાના સૈનિકો સામે બહાદુરીપૂર્વક ઝુઝ્યા; પણ ત્રણ હજારના વિશાળ સમુદાયમાં તેમનું પ્રમાણ શી ગણનામાં લેખાય ! બચ્છાવતોને અંધારામાં રાખીને એકાએક આ જાતનો ઘેરો ઘાલવામાં આવ્યો હતો. અહીં સમોવડિયાના સમરાંગણ જેવું હતું જ નહીં. જ્યારે મુક્તિ મેળવવાની સર્વ આશા અદશ્ય થઈ ત્યારે ઓસવાલ વંશના આ વીર નબીરાઓએ સહકુટુંબ ખપી જવાનો નિર્ધાર કર્યો. તેઓએ ભયંકર છતાં પુરાતન કાળના 'જોહાર'નો માર્ગ લીધો. મકાનના એક ચોગાનમાં ચિતા ખડકવામાં આવી. પુરુષોએ પોતપોતાના નારીવર્ગ તેમજ બાળ બચ્ચાઓની છેલ્લી વિદાય લીધી ! સ્ત્રીઓ, બાળકો અને મરદોમાં જેઓ વૃદ્ધ કે અશકત હતા એમાંના કેટલાકે તલવારથી પોતાની જીવાદોરી કાપી નાંખી, જ્યારે ઘણા બળતી આગમાં કૂદી પડયાં ! લોહીની સરિતા વહી રહી ! ભીરુતાની હાય એકાદના મુખમાંથી પણ ન સંભળાઇ ! જે કંઇ કિમતી અને પ્રાચીન કાળની સ્મૃતિરૂપ અસબાબ હતો તે એક કૂવામાં નાંખી દેવામાં આવ્યો ! (આજે પણ એ સ્થળની મુલાકાત લેનારને એ કૂવો બતાવવામાં આવે છે.) બાકીના ફરનીચરને તોડી ફોડી નકામું બનાવી દેવામાં આવ્યું. આ રીતે સંસાર જન્ય બંધનોથી મુક્ત બની ઉભય બંધુઓએ ગૃહમંદિરમાં આવેલ શ્રી અરિહંત દેવની કેશરથી પૂજા કરી તેમજ સ્તુતિ કરી. છેલ્લી વાર માટે પરસ્પર ભેટી લીધું. ત્યાર પછી પોતાના પોશાક પર કેસરના છાંટણા કરી, હાથમાં તલવાર લઇ ઉભય બહાર પડયા. હવેલીના દરવાજા ઉઘાડા મૂકી દીધા. તેઓ શૂરવીરતા પૂર્વક જીવનના અંત સુધી ઝુઝ્યા અને વીરોચિત મૃત્યુને વર્યા. એક તરફ રાજવીએ પિતાના કોલને પાળવાસારુ બચ્છાવત વંશને જડમૂળથી ઉખેડી નાંખવાનો નિશ્ચય કર્યો હતો અને એમ કરવામાં સુરસિંગે નહોતો જોયો ન્યાય કે અન્યાય! અથવા તો નહોતાં ગણ્યાં પોતે આપેલાં વચનો ! સૈનિકોને એ વંશનું એકાદ બાળક પણ જીવતું રહેવા ન પામે એવી સખ્ત આજ્ઞા આપી હતી. બીજી બાજુ આ વીરબંધુઓએ પણ આત્માની અમરતા પિછાની લઇ, એક ડંસિલા-નૃપના હાથમાં બચ્છાવત વંશનું એકાદ બાળક પણ શરણાગત તરીકે જવા ન પામે તેવી તકેદારી રાખી હતી.

આમ છતાં કુદરતને એ વંશ લુપ્ત થાય એ મંજુર ન હોવાથી કંઇ ત્રીજું જ બન્યું. જ્યારે આ કરપીણ બનાવ બન્યો ત્યારે એ વંશની એક સ્ત્રી પોતાના પિતાને ત્યાં કિસનગઢમાં સુવાવડે ગઇ હતી. એની કુક્ષિએ એક પુત્રરત્નનો જન્મ થયો. આ રીતે બચ્છાવત વંશ પોતાનું અસ્તિત્વ ટકાવી રહ્યો અને જગત સન્મુખ અમર ગાથા ગાઇ રહ્યો.

આમ બચ્છાવતોની ચડતી પડતીનો છેલ્લો પડદો પડયો. આ સંબંધમાં જે કંઇ અતિશયોક્તિ જેવું હોય તેને બાજુ પર મૂકી માત્ર મુદ્દાની વાતનો વિચાર કરીએ તો પણ એટલું તો સહજ પુરવાર થાય તેમ છે કે જૈનો અહિંસાના ઉપાસક હોવા છતાં માત્ર નમાલા જેવું જીવન ગાળતા નહોતા. જરૂર પડયે પોતાની ટેક માટે તેમજ રાષ્ટ્ર માટે પ્રાણ પણ પાથરી જાણતા હતા.

(ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આભાર અને વિનંતી

શ્રી પર્યુષણ પર્વ પ્રસંગે અમે કરેલ વિનંતીથી અમને જે મદદ મળી હતી તે અમે ગયા અંકમાં પ્રગટ કરી હતી. તે પછી અમને જુદા જુદા સંઘો કે સદ્‌ગૃહસ્થો તરફથી નીચે મુજબ વધુ મદદ મળી છે.

પૂ. મુનિમહારાજ શ્રી દર્શનવિજયજી આદિના સદુપદેશથી મળેલ મદદ.

૫૧) શેઠ રતિલાલ વર્ધમાન શાહ વઢવાણ કેમ્પ. (પાંચ વર્ષ માટે)
૧૧) શેઠ ત્र्यંબકલાલ છગનલાલ ,, ,,
૧૧) શેઠ જયંતીલાલ મગનલાલ ,, ,,
૫૧) પૂ. પં. મ. શ્રી. કીર્તિમુનિજીના સદુપદેશથી જૈન જ્ઞાનશાળા, વેરાવળ (આમના તરફથી ગયા વર્ષે ૨૧) અને ચાલુ વર્ષે ૩૦) મળી કુલ ૫૧) આવ્યા છે.)
૫૦) પૂ. પં. મ. શ્રી ધર્મવિજયજી ગણિના સદુપદેશથી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી, વઢવાણ શહેર.
૨૫) પૂ. આ. મ. શ્રી. વિજયગંભીરસૂરિજીના સદુપદેશથા જૈન શ્વે. સંઘ, મંદસોર.
૨૧) પૂ. આ. મ. શ્રી. વિજયકસ્તુરસૂરિજીના સદુપદેશથી જૈન સંઘ, પાલનપુર.
૧૧) પૂ. મુ. મ. શ્રી. પ્રસાદચંદજીના સદુપદેશથી શેઠ દલસુખભાઇ ખુશાલચંદ ઝવેરી, પાલનપુર.
૧૦) પૂ. આ. મ. શ્રી. વિજયલલિતસૂરિજીના સદુપદેશથી વીસા શ્રીમાળી બે નાત તરફથી, માણસા.
૧૦) પૂ. મુ. મ. શ્રી. હેમેન્દ્રસાગરજીના સદુપદેશથી જૈન સંઘ, વીસનગર.
૧૦) પૂ. મુ. મ. શ્રી. મંગળવિજયજીના સદુપદેશથી જૈન સંઘ, લુણાવાડા.
૧૦) પૂ. મુ. મ શ્રી. હેમેન્દ્રવિજયજીના સદુપદેશથી જૈન સંઘ, મ્હેસાણા.
૫) પૂ. પં. મ. શ્રી. હિમ્મતવિજયજીના સદુપદેશથી ઓસવાલ જૈન પંચ, ઘાણેરાવ.

આ રીતે મુનિસમ્મેલનના ઠરાવને અનુલક્ષીને આ પૂજ્યોએ સમિતિ માટે સદુપદેશ આપવાની જે કૃપા કરી છે તે માટે અમે તે પૂજ્યોનો આભાર માનીએ છીએ. સમિતિ સમસ્ત શ્રી સંઘની છે, અને દિવસે દિવસે સમિતિ પ્રત્યેનો પ્રેમ અને સહકાર વધતો જાય છે તેથી અમને હર્ષ થાય છે.

સમિતિને સહાયતા આપનાર તે તે સદ્‌ગૃહસ્થો અને સંઘોના અમે ઋણી છીએ. અન્ય ગામના સંઘો અને સદ્‌ગૃહસ્થો પણ અવસરે સમિતિને અવશ્ય સહાયતા મોકલશે એવી અમે આશા રાખીએ છીએ. અને ચતુર્માસ પૂર્ણ થતાં શેષકાળમાં વિહાર દરમ્યાન સમિતિ માટે ઉપદેશ આપવાની અમે સર્વ પૂજ્ય મુનિવર્યોને વિનંતી કરીએ છીએ.

વ્યવસ્થાપક.

સૂચના

આ અંકની જેમ આવતો અંક પણ વળતસર ૧૫મી તારીખે પ્રગટ કરવાની ઇચ્છા છે. છતાં અત્યારના અનિશ્ચિત સંયોગોના કારણે અંક પ્રગટ કરવામાં વિલંબ થાય તો તે ચલાવી લેવા અને પત્ર લખીને તપાસ નહીં કરવા વાચકોને વિનતિ છે.

વ્ય૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દરેકે વસાવવા યોગ્ય

શ્રી જૈન સત્ય પ્રકાશના ત્રણ વિશેષાંકો

[૧] શ્રી મહાવીર નિર્વાણ વિશેષાંક

ભગવાન મહાવીરસ્વામીના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય છ આના (ટપાલખર્ચનો એક આનો વધુ).

[૨] શ્રી પર્યુષણ પર્વ વિશેષાંક

ભગવાન મહાવીરસ્વામી પછીના ૧૦૦૦ વર્ષનાં જૈન ઇતિહાસને લગતા લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય એક રૂપિયો.

[૩] દીપોત્સવી અંક

ભગવાન મહાવીરસ્વામી પછીનાં ૧૦૦૦ વર્ષ પછીનાં સાતસો વર્ષના જૈન ઇતિહાસને લગતા લેખોથી સમૃદ્ધ સચિત્ર અંક : મૂલ્ય સવા રૂપિયો.

શ્રી જૈન સત્ય પ્રકાશના બે વિશિષ્ટ અંકો

[૧] ક્રમાંક ૪૩–જૈનદર્શનમાં માંસાહાર હોવાના આક્ષેપોના જવાબરૂપ લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય ચાર આના.

[૨] ક્રમાંક ૪૫–ક. સ. શ્રી. હેમચંદ્રાચાર્યના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય ત્રણ આના.

—લખોઃ—

શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ
જેશિંગભાઈની વાડી, ઘીકાંટા, અમદાવાદ.

For Private And Personal Use Only